નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765





માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :8 MARCH 2025 I SATURDAY I Page :8 I Year : 2 I Issue :285 I Price: 2/-

# 'ભારત ટેરિફ ઘટાડવા સહમત થયું...'

## અમેરિકન પ્રમુખ ટ્રમ્પનો મોટો દાવો, રશિયાને પણ ઝટકો

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણા સમયથી ભારત સામે આક્ષેપો કરે છે કે તે સૌથી વધુ ટેરિફ અને ટેક્સ વસૂલે છે. જેના બાદથી તે ભારત પર ટેરિફ અને ટેક્સ લાદવાની વાતો કરી રહ્યા હતા. ટ્રમ્પે અમુક દિવસ પહેલા જ જાહેરાત કરી હતી કે આગામી ૨ એપ્રિલથી ભારત સામે પણ રેસિપ્રોકલ ટેરિફ લાગુ પડી જશે. જોકે હવે આજે ટ્રમ્પે કહ્યું કે ભારત અમેરિકાથી વસૂલવામાં આવતા ટેરિફમાં ઘટાડો કરવા રાજી થઈ ગયું છે.



ડોનાલ્ડ ટ્રમ્પે મોટો દાવો કરતાં કહ્યું કે કોઈ તો છે જે ભારતની પોલ ખોલી રહ્યું છે. વ્હાઈટ હાઉસથી નેશનલ લેવલ પર સંબોધનમાં ટ્રમ્પે કહ્યું કે ભારત અમારી પાસેથી ભારે ટેરિફ-ટેક્સ વસૂલી રહ્યું હતું. જોકે અમે ભારતમાં કોઈ વસ્તુ વેચી નહોતા શકતા. જોકે હવે ભારતે નમતું વલણ અપનાવ્યું છે. તે ટેરિફમાં ઘટાડો કરવા રાજી છે.

આ સાથે ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાને પણ ઝટકો આપતા કહી દીધું છે કે યુક્રેન સાથે જ્યાં સુધી રશિયા યુદ્ધવિરામ નહીં કરે ત્યાં સુધી અમે તેની સામે પણ ટેરિફ લાદવાનું વિચારી રહ્યા છીએ. રશિયા હજુ પણ યુક્રેન પર બોમ્બમારો કરી રહ્યો છે. બંને પક્ષો સમજૂતિ કરવા તૈયાર છે. અમે મુદ્દાને ઉકેલી લઈશું.

## વડાપ્રધાન મોદી એપ્રિલમાં શ્રીલંકાની મુલાકાતે જશે

શ્રીલંકામાં સત્તા પરિવર્તન થયા પછી વડાપ્રધાનની એ પહેલી મુલાકાત બની રહેશે. આ પૂર્વે શ્રીલંકાના પ્રમુખ અરૂના દિશાનાયકે ડીસેમ્બરમાં ભારતની મુલાકાતે આવ્યા હતા. નરેન્દ્ર મોદીએ ત્રણ વખત ૨૦૧૫, ૨૦૧૭ અને ૨૦૧૯માં શ્રીલંકાની મુલાકાત લીધી હતી.અહેવાલો વધુમાં જણાવે છે કે, ભારતનાં રામેશ્વરમથી શ્રીલંકાના પૂર્વ ઉત્તરના બારાં (કુદરતી બંદર) સુધીની ફેરી સર્વિસની ચર્ચા કરાશે. તેમજ ભારતનાં નેગામપુરથી શ્રીલંકાનાં ત્રિકોન્માલી સુધીની પેટ્રોલિયમ પાઇપ લાઇન નાખવા વિષે પણ વિચારણા હાથ ધરાશે. આ પ્રોજેક્ટમાં આઈઓસીની ભૂમિકા મહત્વની બની રહેશે. ઉલ્લેખનીય છે કે શ્રીલંકામાં અત્યારે ડાબેરી ઝુકાવની સરકાર છે તેમ છતાં તે દેશ હવે ચીનથી ચેતી ગયો હોય તેમ લાગે છે. એક સમયે પૈસાના જોરે ડ્રેગને શ્રીલંકાનાં દક્ષિણના મહત્વનાં બારા (કુદરતી બંદર) એવન-ટોટા ૯૯ વર્ષના પટ્ટે લઈ લીધું હતું તે પછી કોલંબો પણ લેવા પ્રયત્નો કર્યા.

### જીઆરઆઈએસને પરિવહન મંત્રીનું સંબોધન

# રસ્તાની ખરાબ ડિઝાઈનના કારણે માર્ગ અકસ્માતો વધ્યા : મંત્રી ગડકરી


નવી દિલ્હી,તા.૭

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ વધતા જતા માર્ગ અકસ્માત અને જાનહાની માટે સિવીલ એન્જીનીયરો અને સલાહકારો દ્વારા તૈયાર કરાયેલી ખામીયુકત વિસ્તૃત પરિયોજના રિપોર્ટ (ડીપીઆર) અને માર્ગ ડિઝાઈનને જવાબદાર ઠેરવી છે.

તેમણે ગઈકાલે ગ્લોબલ રોડ ઈન્ફ્રાટેક સમિટ એન્ડ એકસ્પો (જીઆરઆઈએસ)ને સંબોધન કરતા માર્ગ સુરક્ષા ઉપાયોમાં તત્કાલ સુધારાની જરૂરિયાત દર્શાવી હતી.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રીએ કહ્યું હતું કે, દેશમાં મોટાભાગની માર્ગ દુઘર્ટનાઓ લોકોની નાની-મોટી ભૂલો ખામી યુકત ડીઆરના કારણે થાય છે અને તેના માટે કોઈને જવાબદાર ન ઠેરવી શકાય. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં સૌથી ખરાબ ગુણવતાવાળી ડીપીઆર બનાવવામાં આવે છે. સ્પેન ઓસ્ટ્રિયાથી શીખવાની જરૂરીયાત ગડકરીએ જણાવ્યું હતું કે ભારતમાં માર્ગ પર નિર્દેષ-પટ્ટિકા અને ચિન્હ પ્રણાલી જેવી નાની નાની વસ્તુઓ પણ ખૂબ જ ખરાબ છે આપણે સ્પેન, ઓસ્ટ્રિયા અને સ્વીટઝરલેન્ડ જેવા દેશો પાસેથી શીખવાની જરૂરત છે.

તેમણે સડક નિર્માણ ઉદ્યોગ પાસેથી નવી ટેકનોલોજીઓ અને ટકાઉ નિર્માણ સામગ્રીને અપનાવીને સુરક્ષા વધારવા માટે રણનીતિ વિકસીત કરવાનું આહવાન કર્યુ હતું. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ભારતમાં ૨૦૨૩ માં માર્ગ દુઘર્ટનાઓમાં એક લાખ ૮૦ હજાર લોકોના જીવ ગયા છે.આ તકે આંતર રાષ્ટ્રીય માર્ગ મહાસંઘના માનદ અધ્યક્ષ કે.કે.કપિલાએ જણાવ્યું હતુકે માર્ગ ડીઝાઈન નિર્માણ અને વ્યવસ્થાના દરેક પાસામાં સુરક્ષાને પ્રાથમિકતા આપીને આ સંમેલન એક એવા ભવિષ્ય તરફ આગળ વધવા માગે છે.





## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ



ચીનની ડીપસીક નામની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ) કંપનીએ જાન્યુઆરીમાં પોતાનું ચેટજીપીટી પ્રકારનું અઈ મોડલ લોન્ચ કર્યું ને તે સાથે દુનિયાભરમાં ધમાલ મચી ગઈ. ખાસ કરીને, અત્યારે ઊંચા કોલર રાખીને ફરતા અમેરિકાની શેરબજારમાંથી ૧ ટ્રિલિયન ડોલરનું ધોવાણ થઈ ગયું. અઈ મોડલ્સ માટે ચિપ્સ બનાવતી એનવિડીયા કંપનીની માર્કેટ વેલ્યુ ધડ્ દઈને ૬અઈ બિલિયન ડોલર જેટલી ઘટી ગઈ. અમેરિકામાં જે થયું તે થયું, પરંતુ આપણા ત્યાં પણ ચર્ચાનું ચગડોળ પૂરજોશમાં ફરવા માંડયું ને ખાસ કરીને આ ત્રણ પ્રશ્નો છાતી કાઢીને ઊભા રહી ગયાઃ

કોઈએ આક્રોશપૂર્વક કહ્યું, ટેકનોલોજીની ક્રાંતિના મામલામાં આપણે બસ શું... રીક્ષા, સાઇકલ, બળદગાડું બધું જ ચૂકી ગયા છીએ. આપણે ફક્ત સર્વિસ પ્રોવાઇડર બનીને પૈસા કમાઈએ છીએ ને પોતાની જ પીઠ થાબડયા કરીએ છીએ. ટેકનોલોજીના ક્ષેત્રમાં દુનિયામાં જે નવાં નવાં ઇનોવેશન થઈ રહ્યા છે એનાથી આપણે જોજનો દૂર છીએ.

કોઈએ કહ્યું, ભારતની મોટી મોટી ટેક કંપનીઓ માત્ર નાણાં કમાવામાં પડી છે, રિસર્ચ-બીસર્ચમાં એમને કશો રસ નથી. ભારત સરકાર આર-એન્ડ-ડી (રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) માટે જે બજેટ ફાળવે છે તે ખૂબ સીમિત હોય છે ને એમાંય સૌથી વધારે ફંડ તો ફાર્મા સેક્ટર જ તાણી જાય છે. વળી, આપણું સામાજિક અને શૈક્ષણિક માળખું જ એવું છે કે રિસર્ચ કરનારાઓને પૂરતું પ્રોત્સાહન મળતું નથી. જે-તે ક્ષેત્રનાં પ્રતિષ્ઠિત એકેડેમિક સામયિકોમાં રિસર્ચ પેપર પ્રસિદ્ધ થવા અથવા તો જે-તે ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સીસમાં રિસર્ચ પેપર રજૂ કરવા તે બહુ મોટી ગણાય છે. જે-તે યુનિવર્સિટી, કંપની કે દેશ રિસર્ચને કેટલું મહત્ત્વ આપે છે તે આ રિસર્ચ પેપર્સ પરથી નક્કી થાય છે. અત્યાર સુધીમાં અઈ કોન્ફરન્સીસમાં જેટલાં રિસર્ચ પેપર રજૂ થયાં છે, તેમાં અમેરિકાનો ફાળો ૩૦.૪ ટકા છે, ચીનનો ફાળો ૨૨.૮ ટકા છે, જ્યારે ભારતનું યોગદાન કેવળ ૧.૪ ટકા છે. સહેજ પાછળ જઈને જોઈએ તો ૨૦૧૯માં દુનિયામાં અઈના ક્ષેત્રમાં ૨૨ હજાર જેટલા પીએચડી રિસર્ચર્સ હતા, જેમાંથી ભારતીય રિસર્ચર્સની સંખ્યા ફક્ત ૩૮૬ હતી.

ભારતમાં બેંગલુરુ આઈટી ઇન્ડસ્ટ્રી ધમધમે છે. બેંગલુરુની આઉટસોર્સિંગ ઇન્ડસ્ટ્રીનું કદ અંદાજે ૨૦૦ મિલિયન ડોલર જેટલું છે. ખાટલે મોટી ખોડ એ છે કે આપણી આઈટી કંપનીઓનું ફોકસ હંમેશા સસ્તા સર્વિસ-બેઝ્ડ કામો પર રહ્યું છે. ભારતની ટોચની આઈટી કંપનીઓ માટે આજે પણ ફાઉન્ડેશનલ કન્ઝ્યુમર અઈ ટેકનોલોજી વિકસાવવી એ ટોપ પ્રાયોરિટી નથી. આજે વિશ્વમાં જેટલા અઈ એન્જિનીયરો છે, એમાંથી ૧૫ ટકા ભારતીય છે. કમબખ્તી એ છે કે આમાંના મોટા ભાગના ભારતમાં ભણી ભણીને વિદેશ ચાલ્યા ચાલ્યા ગયા છે. અઈ અને મશીન લર્નિંગના ક્ષેત્રમાં આગળ ભણવું હોય તો વિદેશ ભણી નજર દોડાવવા સિવાય છૂટકો નથી, કેમ કે આ ક્ષેત્રોનું પાયારૂપ કામ સામાન્યપણે ધરખમ બજેટ ધરાવતી યુનિવર્સિટીઓમાં અને કોર્પોરેટ રિસર્ચ લેબોરેટરીમાં જ થતું હોય છે. ભારતમાં રિસર્ચ માટે અનુકૂળ માહોલ હજુ સુધી બન્યો જ નથી.

ભારત પાસે અમેરિકા કે ચીન જેવું સુપરકમ્પ્યુટિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી. આપણે ત્યાં ઇન્વેસ્ટરોને અઈ ઇનોવેશન કરતાં ફિનટેક, ઇ-કોમર્સ અને પરંપરાગત ઇન્ફર્મેશન ટેકનોલોજીમાં વધારે રસ પડે છે. લાર્જ લેંગ્વેજ મોડલ (એલએલએમ) અથવા વિરાટ અઈ મોડલ બનાવવા માટે ચિક્કાર નાણું જોઈએ, સમય જોઈએ, તગડી કમ્પ્યુટેશનલ ફેસિલિટી જોઈએ અને માર્કેટ પણ જોઈએ. નિષ્ણાતો કહે છે કે ભારત પાસે હાલના તબક્કે આમાંનું કશું નથી.

# સુરતીલાલાઓ પર મોદી ઓળઘોળ થયા

## PMએ કહ્યું- 'જ્યાંના લોકો જાનદાર હોય તેમના માટે બધું શાનદાર થવું જોઈએ', 'કેમ છો'થી સંબોધનની શરૂઆત, અંતમાં 'રામ-રામ' કહ્યા



સુરતઃ મોદી બે દિવસીય ગુજરાત અને સંઘપ્રદેશના પ્રવાસે આવી પહોંચ્યા છે. આજે બપોરે સુરત એરપોર્ટ આવ્યા બાદ સીધા જ સેલવાસ પહોંચ્યા હતા, જ્યાં નવનિર્મિત નમો હોસ્પિટલ સહિતના રૂ. ૨૫૭૮ કરોડનાં વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું. સેલવાસનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન સુરત પહોંચ્યા હતા અને ૩ કિમીનો રોડ શો યોજી લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રોડ શો પૂર્ણ કર્યા બાદ નીલગિરિ ગ્રાઉન્ટ પર આયોજિત જાહેરસભાને સંબોધી હતી.

ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર સુરત આવેલા પીએમ મોદી અલગ જ અંદાજમાં જોવા મળ્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં કેમ છો? કહી સુરતીલાલાઓની હાલચાલ જાણી હતી. સુરતના વિકાસની વાત કરતાં વડાપ્રધાને કહ્યું હતું કે અમે સુરતને એવું શહેર બનાવવા માગીએ છીએ, જેમાં ગ્લોબલ બિઝનેસ ફૂટપ્રિન્ટ હોય. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જ્યાંના લોકો જાનદાર હોય ત્યાં બધું શાનદાર જ થવું જોઈએ.

સુરતનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન રાત્રિરોકાણ સુરતના સર્કિટ હાઉસમાં જ કરશે. શનિવારે મહિલા દિવસ નિમિત્તે નવસારીમાં આયોજિત કાર્યક્રમમાં હાજરી આપશે.

વડાપ્રધાન મોદી આજે (૭ માર્ચે) તેમના નક્કી કાર્યક્રમ મુજબ બપોરે દોઢ વાગ્યે દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવી પહોંચ્યા હતા. સુરત એરપોર્ટ પર પહોંચેલા પીએમ મોદીનું સીઆર પાટીલ સહિતના નેતાઓ સ્વાગત કર્યું હતું. ત્યાંથી વડાપ્રધાન હેલિકોપ્ટર મારફત સીધા જ સેલવાસ પહોંચ્યા હતા. સેલવાસ પહોંચ્યા બાદ વડાપ્રધાન મોદી રોડ શો કરી નવનિર્મિત નમો હોસ્પિટલ પહોંચ્યા હતા. હોસ્પિટલનું લોકાર્પણ કર્યા બાદ તેમણે સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું અને ત્યાંથી સેલવાસમાં જ આયોજિત જાહેરસભાને સંબોધિત કરી હતી. પીએમના હસ્તે સંઘપ્રદેશના રૂ. ૨૫૦૦ કરોડથી વધુનાં વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું.સેલવાસમાં સભાને સંબોધતાં વડાપ્રધાન મોદીએ સંઘપ્રદેશનો સિંગાપોરની માફક વિકાસ કરવાની વાત કરી હતી. લોકોને સાથે આપવા અપીલ કરી હતી અને પોતે પણ લોકોની સાથે રહેવાની વાત કરી હતી. આ ઉપરાંત તેમણે મેદસ્વિતા અંગે ચિંતા વ્યક્ત કરી લોકોને ૧૦ ટકા ખાદ્યતેલ ઓછું ખાવાની પણ અપીલ કરી હતી. એક રિપોર્ટને ટાંકતાં તેમણે કહ્યું હતું કે ૨૦૫૦માં ભારતમાં ૪૦ કરોડ લોકો મેદસ્વિતાનો શિકાર થયેલા હશે.

સેલવાસનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નક્કી કાર્યક્રમ મુજબ સુરત પહોંચ્યા હતા. પર્વત પાટિયા વિસ્તારમાં બનાવાયેલા હેલિપેડ પર મુખ્યમંત્રીએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. જ્યાંથી રોડ શો યોજી વડાપ્રધાન નીલગિરિ મેદાન પહોંચ્યા હતા. ૩ કિમીના રોડ શો દરમિયાન રસ્તાની બંને તરફ ભારે જનમેદની ઊમટી પડી હતી, જેનું પીએમ મોદીએ અભિવાદન ઝીલ્યું હતું.

નીલગિરિ મેદાન પર આયોજિત સભા સ્થળ પર પહોંચ્યા બાદ વડાપ્રધાન, મુખ્યમંત્રી અને સી.આર.પાટીલ ખુલ્લી જીપમાં સવાર થયા હતા અને ડોમની અંદર ઉપસ્થિત લોકોની વચ્ચે પહોંચી અભિવાદન ઝીલ્યું હતું. આ સમયે મુખ્યમંત્રીએ અનેક લોકોને ફોટોગ્રાફ પર ઓટોગ્રાફ પણ આપ્યા હતા.સુરતની ઓળખ એવા જરીકામવાળા ખેસથી પીએમ મોદીનું મુખ્યમંત્રી અને સીઆર પાટીલે સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ પ્રધાનમંત્રી અન્ન યોજના અંતર્ગતના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા હતા.

વડાપ્રધાને પોતાના સંબોધનની શરૂઆતમાં સુરતવાસીઓને કેમ છો? કહી સંબોધનની શરૂઆત કરી હતી. સાથે કહ્યું હતું કે મને ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે સેવાનો અવસર આપ્યો તેના પછી મારી આ સુરતની પ્રથમ મુલાકાત છે. ગુજરાતે જેને ઘડ્યો તેને દેશે વહાલથી અપનાવ્યો. હું હંમેશાં આપ સૌનો ઋણી છું, જેમને મને ઘડવામાં ખૂબ મોટું યોગદાન કર્યું છે.

વડાપ્રધાને સંબોધન દરમિયાન સ્વચ્છતા મુદ્દે સુરતવાસીઓનાં વખાણ કરતાં કહ્યું હતું કે દેશમાં જ્યારે પણ સ્વચ્છતાની સ્પર્ધા થાય છે ત્યારે સુરત પ્રથમ અથવા બીજા ક્રમાંકે હોય છે. એનું શ્રેય સુરતીલાલાઓને જાય છે.

# રાહુલ ગાંધીએ સિનિયર નેતાઓનો ઉધડો લીધો, કોંગ્રેસ કાર્યકર્તાઓએ કહ્યું શીર્ષ નેતૃત્વને કારણે ગુજરાતમાં પાર્ટીનું પતન




રાહુલ ગાંધી બે દિવસ માટે ગુજરાતના પ્રવાસે છે. તેમનું અમદાવાદ એરપોર્ટ ખાતે કોંગ્રેસ નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સ્વાગત કરાયું હતું. ત્યારબાદ તેઓ અમદાવાદ ખાતે આવેલા કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન પહોંચ્યા હતા. જણાવી દઈએ કે, લોકસભામાં નેતા વિપક્ષ બન્યા બાદ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જુલાઈ, ૨૦૨૪માં કહ્યું હતું કે, અમે ગુજરાતમાં મોદી અને ભાજપને હરાવીશું. જો કે, ગત વિધાનસભા ચૂંટણીઓમાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસની હાર થઈ છે. ત્યારબાદ હવે રાહુલ ગાંધી ભાજપને તેના જ મજબૂત ગઢ ગુજરાતમાં ઘેરવા માગે છે. રાહુલ ગાંધી કોંગ્રેસના એપ્રિલમાં થનારા બે દિવસના રાષ્ટ્રીય અધિવેશનના એક મહિના પહેલા ગુજરાતની મુલાકાત આવી પહોંચ્યા છે, જેથી અધિવેશનમાં તેના અનુરૂપ રણનીતિ બનાવી શકાય. જો કે, ગુજરાતમાં યોજાયેલી બેઠકોમાં કાર્યકર્તાઓનો રોષ જોવા મળ્યો હતો.

રાહુલ ગાંધીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ૪૦૦થી વધુ કોંગ્રેસ નેતા અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. અહીં તેમણે શહેર-જિલ્લા પ્રમુખો, તાલુકા-નગર પ્રમુખો સાથે રાજ્યની મુખ્ય સમસ્યા અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ દિગ્ગજ નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે ગુજરાતમાં કોંગ્રેસ સંગઠનની વર્તમાન સ્થિતિ અંગે પણ ગહન ચર્ચા કરી હતી.

રાહુલ ગાંધીએ રાજ્યમાં કોંગ્રેસની સ્થિતિને લઈને ખુબ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે તમામ સિનિયર કોંગ્રેસ આગેવાનોને કેટલાક સવાલો પૂછ્યા હતા. આ દરમિયાન તેમણે કોંગ્રેસ નેતાઓને ખખડાવ્યા હતા. ગુજરાતની ચૂંટણીઓમાં કારમી હારને લઈને સિનિયર નેતાઓનો ઉધડો લીધો હતો. ગુજરાતમાં કોંગ્રેસ વર્ષ ૧૯૯૫થી સત્તાથી દૂર છે. તેવામાં હવે રાહુલ ગાંધી ગુજરાતમાં વધુ સક્રિય થતા નજરે પડી રહ્યા છે. પરંતુ ગુજરાતના કોંગ્રેસ કાર્યકર્તાઓ શીર્ષ નેતૃત્વથી સંતુષ્ટ ન હોવાનું આજે જોવા મળ્યું છે. રાહુલ ગાંધીએ અમદાવાદમાં યોજેલી બેઠકમાં કાર્યકરોનો આક્રોષ જોવા મળ્યો હતો. આ દરમિયાન ગુજરાત કોંગ્રેસ સંગઠનને બદલવા માગ ઉઠી. કેટલાક આરોપ લગાવાયા છે અને કેટલીક માગ પણ રજૂ કરાઈ છે. આક્રમકતા સાથે લડી શકે એવા નેતાઓને કેન્દ્રીય નેતૃત્વ સપોર્ટ કરે અને લીડરશિપ કોમ્પ્રોમાઈઝ ના હોવી જોઈએ એવી રજૂઆત કરાઈ હતી.

કોંગ્રેસના નેતાઓએ રાહુલ ગાંધીને રજૂઆત કરી કે સતત ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે સંપર્કમાં રહે.

## મનમોહન સિંહના નામથી ઓળખાશે કર્ણાટકની યુનિવર્સિટી

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ જાહેરાત કરી કે બેંગ્લુરુ સિટી યુનિવર્સિટીનું નામ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહના નામ પર રાખવામાં આવશે. તેમણે કહ્યું કે 'હવે યુનિવર્સિટીનું નામ ડૉ. મનમોહન સિંહ બેંગ્લુરુ સિટી યુનિવર્સિટી હશે. આ યુનિવર્સિટીનું નામ પહેલા બેંગ્લુરુ સેન્ટ્રલ યુનિવર્સિટી હતું. આની ૨૦૧૭માં સ્થાપના કરવામાં આવી હતી અને ૨૦૨૦માં તેનું નામ બદલવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બજેટ સત્ર દરમિયાન આ જાહેરાત કરી છે. ૨૬ ડિસેમ્બરે પૂર્વ પીએમનું નિધન થઈ ગયું હતું. તે ૨૨ મે ૨૦૦૪થી ૨૬ મે ૨૦૧૪ સુધી ૧૦ વર્ષ દેશના વડાપ્રધાન રહ્યા.કર્ણાટકમાં નાણા વિભાગ પણ સીએમ સિદ્ધારમૈયા પાસે જ છે. તેમણે દાવો કર્યો કે ૨૦૨૫-૨૬ માટે સરકારે રાજકોષીય ખાધનું સંતુલન જાળવીને રાખ્યું છે. વિધાનસભામાં ૨૦૨૫-૨૬ માટે બજેટ રજૂ કરતાં સિદ્ધારમૈયાએ વિશેષ રીતે રેખાંકિત કર્યું કે પાંચ ગેરંટીઓ- ગૃહ જ્યોતિ, ગૃહ લક્ષ્મી, અન્ન ભાગ્ય, યુવા નિધિ અને શક્તિ યોજનાઓ માત્ર મફતની વસ્તુઓ નથી પરંતુ આર્થિક અને સામાજિક સિદ્ધાંતો પર કરવામાં આવેલી વ્યૂહાત્મક રોકાણ છે. તેમણે કહ્યું, 'કર્ણાટક સરકારની યોજનાઓ વિભિન્ન આંતરરાષ્ટ્રીય મંચો પર ઉઠાવવામાં આવેલા ઘણા સામાજિક અને આર્થિક સવાલોનો સશક્ત જવાબ છે.



અમે લોકોની ખરીદ શક્તિ વધારવાના હેતુથી કલ્યાણકારી કાર્યક્રમ શરુ કર્યા છે. રાજ્ય સરકારની જવાબદારી છે કે તે એ નક્કી કરે કે ઉપલબ્ધ સંસાધન તમામ માટે સુલભ હોય. આર્થિક વિકાસને લોકોના કલ્યાણની સાથે સંતુલિત કરીને અમે સાર્વત્રિક મૂળભૂત આવકની વિચારધારાના માધ્યમથી કર્ણાટકના વિકાસ મોડલને આકાર આપી રહ્યા છીએ. અમારી સરકાર સામાજિક ન્યાયના પાયાને સુરક્ષિત કરવા માટે દ્રઢ સંકલ્પિત છે.'

## તહવ્વુર રાણાને ભારતને સોંપવાનું નિશ્ચિત

વોશિંગ્ટન ૨૬/૧૧ના મુંબઈ હુમલાનો એક આરોપી અને પાકિસ્તાન મૂળના અમેરિકી તહવ્વુર રાણાનો ભારતને પ્રત્યાર્પણનો માર્ગ હવે સાફ થઈ ગયો છે. છેલ્લા બે વર્ષથી રાણાએ ભારતને સોપવા સામે તેની આખરી કાનૂની લડાઈ પણ ગુમાવી છે અને લોસ એન્જીલીસની અદાલતે ભારતીય જેલની સ્થિતિથી લઈને ખુદના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તેને ભારતને સોંપવા સામે કરેલી અરજી ફગાવી છે.તહવ્વુર રાણાએ પોતાની અરજીમાં જણાવ્યું કે, તે પાકિસ્તાની મુસ્લીમ છે અને તેથી તેના પર ભારતમાં અત્યાચાર થઈ શકે છે. તેણે પોતાના સ્વાસ્થ્યનો હવાલો પણ આપ્યો હતો પણ લોસ એન્જીલીસ સુપ્રીમ કોર્ટને તમામ મુદાઓ ફગાવીને હાલ ડિટેન્શન સેન્ટરમાં રખાયેલા રાણાની પ્રત્યાર્પણ પ્રક્રિયાને આગળ ધપાવવા લીલી ઝંડી આપી હતી.૨૬/૧૧ના હુમલાના આરોપી અને પાક મૂળના જ અમેરિકી ડેવિડ હેડલીનો નજીકનો સાથી છે તે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શાસન સંભાવના જ રાણાના પ્રત્યાર્પણને મંજુરી આપી હતી. અગાઉ અમેરિકાની સુપ્રીમ કોર્ટે પણ પ્રત્યાર્પણ મંજુર રાખ્યુ હતું પણ રાણા એક યા બીજી અદાલતમાં આ અંગે અરજીઓ કરી વિધ્નો સર્જી રહ્યા હતા. ૨૬/૧૧/૨૦૦૧ના મુંબઈ પર હુમલા માટે પાકથી જે ૧૦ આતંકીઓ સમુદ્ર માર્ગે મુંબઈમાં ઘુસ્યા તેના માટે અગાઉ રેસી કરવામાં હેડલીની સહાય રાણાએ કરી હતી.જો કે તેની સામે અનેક કપ હોવાથી તે સજા પુરી થયા બાદ હવે તે ભારતને સોપાઈ રહ્યો છે.

# નવી જંત્રીના મુદ્દે સોમવારે કલેકટરની ફાઈનલ બેઠક : ૮૫૦થી વધુ વાંધા અરજીઓની થશે સમિક્ષા

## મ્યુ.કોર્પો. – રૂડાના ટીપીઓ સહિત શહેર – ગ્રામ્ય કક્ષાની સમિતીના સદસ્યો ઉપસ્થિત રહેશે : સમિક્ષા બાદ રિપોર્ટ રાજય સરકારને સોંપાશે




રાજકોટ તા.૭

રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા કલેકટર કચેરી ખાતે નવી જંત્રીના મુદ્દે ફાઈનલ બેઠક આગામી સોમવારે બપોરના ૩-૩૦ કલાકે આયોજીત કરવામાં આવી છે. જેમાં ૮૫૦થી વધુ વાંધા અરજીઓની સમિક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને રૂડાના ટીપીઓ સહિત રાજકોટ શહેર ગ્રામ્ય કક્ષાની સમિતિના સદસ્યો ઉપસ્થિત રહેનાર છે.

નવી જંત્રીના મુદ્દે વાંધા અરજીઓની સમિક્ષા બાદ જીલ્લા કલેકટર પ્રભવ જોશીના વડપણ હેઠળની આ કમીટી દ્વારા આ અંગેનો રીપોર્ટ રાજય સરકારને સોંપવામાં આવશે. તેમજ આ અંગેનો આખરી નિર્ણય પણ રાજય સરકાર દ્વારા જ લેવામાં આવશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે અગાઉ રાજય સરકાર દ્વારા નવી જંત્રીની જાહેરાત કરાતા તેની સામે રાજકોટ સહિત રાજયભરમાંથી જબ્બર વિરોધ ઉઠવા પામેલ હતો. નવી જંત્રીના વિરોધમાં બીલ્ડર એસોસીએશન દ્વારા રાજકોટ સહિત રાજયભરમાં જીલ્લા કલેકટરોને આવેદન પત્ર આપવામાં આવેલ હતા.

તેમજ આ મામલે રાજયના મહેસુલ મંત્રી તેમજ મુખ્યમંત્રીને પણ બીલ્ડર એસોસીએશન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જે બાદ રાજય સરકાર દ્વારા નવી જંત્રીના મામલે વાંધા સુચનો સ્વીકારવા માટે તમામ જીલ્લા મથકો પર ખાસ કમીટીની રચના કલેકટરના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી.

રાજકોટ શહેર જીલ્લામાં નવી જંત્રી સામે ૮૫૦ જેટલી વાંધા અરજીઓ વહીવટી તંત્રને મળી છે. જેમાં કેટલાક વિસ્તારોમાંથી જંત્રીદર વધારવાની અરજીઓ પણ કલેકટર તંત્રમાં સબમીટ થવા પામી છે.

નવી જંત્રી સામેની વાંધા અરજીની સમીક્ષા આગામી સોમવારે બપોરે કલેકટર કચેરી ખાતે આયોજીત કરાયેલી બેઠકમાં કરવામાં આવશે. જે બાદ આ અંગેનો રીપોર્ટ કમીટી દ્વારા રાજય સરકારને સુપ્રત કરવામાં આવશે.

### હીરાસર એરપોર્ટથી ઈન્ટરનેશનલ હવાઈ સેવામાં વધારો થવાનાં ઉજળા સંજોગો

# દુબઈ,બેંગકોક, કોલંબો સેવા માટે એરઈન્ડિયા એકસપ્રેસ કંપનીએ સર્વે કર્યો એપ્રિલથી અકાસા એર લાઈન્સનું પણ આગમન

રાજકોટ,તા.૭

રાજકોટના હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવુ ટર્મિનલ કાર્યરત થયું છે બીજી તરફ દેશ-પરદેશ માટે કાર્ગોને પણ લીલીઝંડી મળી ગઈ છે.ત્યારે આગામી દિવસોમાં ઈન્ટરનેશનલ હવાઈ સેવા પુરી પાડવા માટે હવે એર લાઈન્સ કંપનીઓ આગળ આવી રહી છે.

જેમાં રાજકોટથી ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટે એર ઈન્ડિયા એકસપ્રેસ કંપનીએ સપ્તાહમાં છ દિવસ ફલાઈટ ઉડાડવા સર્વે કર્યો છે. કંપનીનાં સર્વે મુજબ સપ્તાહમાં ત્રણ દિવસ દુબઈ, ત્રણ દિવસ બેગકોક અને બે દિવસ કોલંબોની ફલાઈટ ઉડાડવા સર્વે હાથ ધર્યો હતો.તેવુ આધારભૂત સુત્રોએ જણાવ્યું છે.



ઈન્ટરનેશનલ એરપોર્ટમાં આગામી તા.૩૦મી માર્ચથી સમર શિડયુલ અમલી થનાર છે. સમર શિડયુલમાં અકાસા એર લાઈન્સ કંપની પણ મુંબઈ, દિલ્હી, સહિત ત્રણ સેકટર શરૂ કરવા તત્પરના દાખવી છે.

આ ઉપરાંત એર ઈન્ડિયા પણ સમર શિડયુલમાં સવારની દિલ્હી ફલાઈટ ઉપરાંત કલકતા સેકટર શરૂ કરવા એરપોર્ટ આથોરીટી પાસે સ્લોટ મેળવવા પ્રકિયા હાથ ધરી છે. ઈન્ડિગો એર લાઈન્સ કંપનીએ સવારની દિલ્હી ડેઈલી ફલાઈટ માટે રાજકોટ એરપોર્ટ આથોરીટી પાસે સ્લોટ મેળવ્યો હતો.પરંતુ દિલ્હી એરપોર્ટમાં સ્લોટ નહી મળતા ગત ફેબ્રુઆરીમાં સવારની દિલ્હી ફલાઈટ શરૂ થઈ ન હતી.

હાલનાં દિવસોમાં પણ સવારે દિલ્હી જવા એક પણ ફલાઈટ નહી હોવાથી હવાઈ માર્ગે સવારે દિલ્હી જવા સૌરાષ્ટ્રનાં મુસાફરોને ના છુટકે અમદાવાદ એરપોર્ટ જવુ પડે છે. હાલ હીરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટનાં નવા ટર્મિનલમાં કસ્ટમ અને ઈમીગ્રેશન માટેના કાઉન્ટરો તૈયાર થઈ ચુકયા છે. ઈન્ટરનેશનલ હવાઈ સેવા માટેના સંચાલન માટે એરપોર્ટ સજ્જ છે.

# યાર્ડમાં ૫૦૦૦૦ મણ ઘઉં ઠલવાયા ૧૧૦૦થી વધુ વાહનો ખડકાયા



સૌરાષ્ટ્રમાં શિયાળુ પાકની સિઝન વ્હેલી શરૂ થઈ ગઈ હોય તેમ હોળી-ધુળેટી પુર્વે જ માર્કેટયાર્ડોમાં કૃષિ જણસીઓના ઢગલા થવા લાગ્યા છે. રાજકોટ યાર્ડમાં આજે જુદી-જુદી કૃષિ જણસીઓ ભરેલા ૧૧૦૦થી વધુ વાહનો ખડકાયા હતા.

સૌથી વધુ ધાણાની ૮૬૦૦૦ મણની આવક થઈ હતા. આ સિવાય ૩૦૦૦૦ મણ ચણા, ૭૫૦૦ મણ તુવેર, ૫૦૦૦૦ મણ ઘઉં, ૧૦૦૦૦ મણ કપાસ, ૫૦૦૦ મણ રાય-રાયડો તથા ૭૫૦૦ મણ મેથી આવક આવક થઈ હતી. હોળી ધુળેટી બાદ આવકોમાં હજુ વધુ વધારો થવાની સંભાવનાથી યાર્ડ તંત્ર દ્વારા આગોતરી વ્યવસ્થા ગોઠવવાનુ શરૂ કરાયુ છે.



# રાજકોટને પણ ઈન્દોર જેવું સ્વચ્છ કરી બતાવો : ૧૩૫ કરોડની ગ્રાન્ટ મળશે

## કેન્દ્રના સીટીસ-૨.૦ પ્રોગ્રામ અંતર્ગત જયપુરની કોન્ફરન્સમાં રાજકોટનું સરકયુલર ઈકોનોમી વિઝન રજૂ કરતા કમિશ્નર તુષાર સુમેરા : ૩-આર પર ભાર

રાજકોટ, તા. ૭

કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૧૦૦ સ્માર્ટ સિટીઝ માટે સીટીસ-૨.૦ પ્રોગ્રામ નક્કી કરી ઈન્ટીગ્રેટેડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સંબંધી પ્રોજેક્ટ રજુ કરનાર ૧૦૦ સ્માર્ટ સિટી પૈકી બેસ્ટ પ્રોજેક્ટ તૈયાર કરવા ચેલેન્જ રાઉન્ડ દ્વારા ૧૮ શહેરોની પસંદગી કરવામાં આવેલ હતી તેમાં ગુજરાતમાંથી એક માત્ર રાજકોટ મહાનગરપાલિકાના પ્રોજેક્ટ રાઈસની પસંદગી થયેલ હતી. જે અનુસંધાને તા. ૩ થી ૫ જયપુર ખાતે યોજાયેલી એશિયા-પેસિફિક રિજિયનની ૧૨મી રિજિયોનલ ૩-આર અને સર્ક્યુલર ઈકોનોમી ફોરમમાં કમિશનર તુષાર સુમેરા અને ડે.કમિશનર સી.કે. નંદાણી દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. જેમાં મહાપાલિકાને ૧૩૫ કરોડની ગ્રાન્ટ માટે કરાર કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય શહેરી વિકાસ અને આવાસ વિભાગના મંત્રી મનોહરલાલ ખટ્ટર, સીટીસ ૨.૦ પ્રોજેકટના સ્ટેકહોલ્ડર્સ, રાજ્ય સરકાર વતી રેમ્યા મોહન, કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીસની હાજરીમાં પ્રોજેકટના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, રાજકોટ મહાનગરપાલકિા અને રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. દ્વારા કરાર કરવામાં આવ્યા હતા. જેના પગલે મહાનગરપાલિકાને કચરા એકત્રિકરણ અને તેના કમ્પ્લીટ પ્રોસેસિંગ સહિતની પ્રક્રિયા થકી સમગ્ર કચરા વ્યવસ્થાપન પ્રણાલીને વધુ મજબૂત બનાવવા રૂ.૧૩૫ કરોડની ગ્રાન્ટ મળશે.

કમિશનર તુષાર સુમેરાએ રાજકોટમાં હવે પછીના સમયમાં કચરા વ્યવસ્થાપન કઈ રીતે કાર્ય કરશે તે વિશે વિસ્તૃત અહેવાલ આપેલ હતો. કેન્દ્ર સરકારનો હેતુ તમામ ૧૮ શહેરોમાં સંપૂર્ણ પ્રક્રિયા પ્રોસેસિંગ સિચ્યુરેશન એટલે કે ૧૦૦% અમલીકરણ થાય તે છે, આવનારા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારના માર્ગદર્શન અન્વયે તેનું અમલીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પર્યાવરણની જાળવણી અને જે પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે તે ૧૦૦% પર્યાવરણને અનુરૂપ રહેશે.

આ ૧૨ મી રિજિયોનલ ફોરમ જાપાનના પર્યાવરણ મંત્રાલયના સહયોગથી યોજવામાં આવી હતી જેમાં અલગ અલગ પ્રધાનો, રાજસ્થાનના મુખ્યમંત્રી હાજર રહ્યા હતા. ઉપરાંત સોલોમન આઈલેન્ડ, તુવાલુ, માલદિવ્સ અને જાપાન જેવા દેશોના આંતરરાષ્ટ્રીય મહાનુભાવો સહીત એશિયા પેસિફિક રિજીયનના અલગ અલગ દેશોમાંથી ૪૦૦ કરતાં વધુ ડેલિગેટ્સ અને સરકારની સંસ્થાઓએ ભાગ લીધો હતો. રીડયુસ, રીયુઝ, રીસાયકલ પર ભાર મુકવામાં આવ્યો હતો.

આ ફોરમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીએ સીટીસ ૨.૦ પ્રોજેકટ હેઠળ પસંદ પામેલા શહેરોને ઈન્દોર શહેરની જેમ સ્વચ્છતા અને કચરાના વ્યવસ્થાપન માટે અગ્રિમ બનવાનું ઈન્દોરની જેમ આહવાન કર્યું હતું. પસંદ થયેલા શહેરોએ આ સૂચનને આવકારી તેમના શહેરોને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વચ્છ અને લિવેબલ સિટી બનાવવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રીએ સિટીઝ કોએલિશન ફોર સર્ક્યુલરિટી (સી-૩)ની જાહેરાત કરી હતી. જે શહેર-થી-શહેર સહયોગ, જ્ઞાનની વહેંચણી અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી માટે બહુરાષ્ટ્રીય જોડાણ છે.

આ પ્રોજેકટ માટે સમગ્ર દેશની ૧૦૦ જેટલા સ્માર્ટ સિટીઓ દ્વારા તેમના શહેરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટેના પ્લાન બનાવી તેનું પ્રેઝન્ટેશન ભારત સરકારમાં કરવામાં આવ્યું હતું. જેમાં ડોક્યુમેંટેશન, આંતરરાષ્ટ્રીય બેંચમાર્ક્સ અને અન્ય ક્રાઈટેરિયાને આધારે ભારતના ફક્ત ૧૮ શહેરો અને ગુજરાતમાંથી ફક્ત રાજકોટ શહેરની આ પ્રોજેકટ માટે પસંદગી થઈ હતી. આ પ્રોજેકટમાં પસંદગી થવાથી રાજકોટ શહેરને આશરે રૂ. ૧૩૫ કરોડ જેટલી ગ્રાન્ટ પ્રાપ્ત થશે. તેની મદદથી પ્રોજેકટની ગાઈડલાઈન્સ અનુસાર શહેરમાંથી સોલીડ વેસ્ટના વ્યવસ્થાપન માટે અને કચરાને રિસાયકલ કરી શહેરમાં કચરાનું લઘુત્તમ ઉત્પાદન થાય તે મુજબનું આયોજન કરવામાં આવશે.



# અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ યાત્રાધામ વીરપુરમાં આવી ઘૂંટણિયે પડી પૂજ્ય જલારામ બાપાની માફી માગી

- **ખુદ પોલીસ નંબર પ્લેટ વગરની અને આખી બ્લેક કલરની સ્કોર્પિયો કારમાં જ્ઞાન પ્રકાશ સ્વામીને વીરપુર લઈ આવતા પોલીસ સામે અનેક સવાલો**


વિરપુર, તા. ૮: ‘‘જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુંકડો‘‘ સૂત્રને સાર્થક કરનાર જગવિખ્યાત યાત્રાધામ વીરપુરના પૂજ્ય સંત શ્રી જલારામબાપા વિશે સુરતના અમરોલીના જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનનો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે જેમને લઈને સમગ્ર ગુજરાત સહીત ઠેરઠેર રઘુવંશી સમાજમાં તેમજ પૂજ્ય જલારામ બાપાની જન્મભૂમિ અને કર્મભૂમિ વીરપુરમાં પણ રોષ હતો.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના સ્વામી જ્ઞાન પ્રકાશ સ્વામી એ જલારામબાપા મુદ્દે ટિપ્પણી કરવા હાલ વિવાદ માં આવ્યા છે,સાથે સ્વામીએ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, જલારામબાપા ઈતિહાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી સાથે જોડાયેલો છે,સાથે જલારામબાપા એ ગુણાતીતાનંદ સ્વામી પાસે આશિર્વાદ માગ્યા હોવાનો દાવો કર્યો હતો, તેમજ જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ પાસે સદાવ્રત કાયમી ના માટે ચાલે તેવા આશિર્વાદ આપ્યા હોવાનું કહ્યું હતું,અને કાયમીના માટે ભંડાર ભરેલ રહેશે તેવા આશીર્વાદ ગુણાતીતાનંદ સ્વામીએ આપ્યા હોવાનું નિવેદન જ્ઞાન પ્રકાશ સ્વામીએ કર્યું હતું,સાથે જલારામબાપા એ સ્વામી ગુણાતીતાનંદ જ્યારે વીરપુર આવ્યા ત્યારે દાળ અને બાટી જમાડ્યા હતા અને જલારામ બાપા જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરમાં ઘણો સમય રહ્યા ને સેવા કરી હોવાનું નિવેદન કરતા હાલ આ નિવેદન થી પૂજ્ય જલારામ બાપાના લાખો ભક્તો સાથે રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ સાથે રોષ ફેલાયો હતો. સ્વામીએ આપેલ નિવેદન મુદ્દે પૂજ્ય જલારામબાપાના વંશજ અને પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિના લઘુબંધુ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારજન પૂજ્ય ભરતભાઈ ચાંદ્રાણીએ આજથી બસો પાંચ વર્ષ પહેલાં પૂજ્ય જલારામબાપા એ અમરેલી જિલ્લાના ફતેપુર ગામના પૂજ્ય ભોજલરામ બાપાની પ્રેરણા અને આશીર્વાદથી મહાસુદ બીજના દિવસે અન્નક્ષેત્રની શરૂઆત કરી હતી તેમજ પૂજ્ય જલારામ બાપાના ઈષ્ટ્દેવ ભગવાન શ્રી રામ હતા અને પૂજ્ય બાપા અવિરત પ્રભુ શ્રીરામ નામનું રટણ કરતા આ વાત પૂજ્ય જલારામબાપા ને માનનારા લાખો ભક્તો સત્ય જાણે છે. જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલ નિવેદનમાં પૂજ્ય જલારામ બાપાની જગ્યાના ગાદીપતિ અને પૂજ્ય જલારામ બાપાના પરિવારનું કોઈ સમર્થન નથી તેમ નિવેદનમાં જણાવ્યુ હતુ.

રિપોર્ટર :– ગૌરવ ગાજીપરા–વીરપુર

સ્વામી જ્ઞાન પ્રકાશ દ્વારા કરેલ ટિપ્પણીને લઈને યાત્રાધામ વિરપૂરના ગ્રામજનો, રઘુવંશી સમાજ, આક્રોશ સાથે ભક્તોએ આ ટિપ્પણીને વખોડી કાઢી હતી,તેમજ જલારામબાપા ઇતિહાસ વિષે આવી ટિપ્પણી ન કરવી જોઇએ સાથે સ્વામી પાસે કોઈ આવું સાહિત્ય હોય તો વીરપુર લઈને આવે,સાથે જલારામબાપા ઇતિહાસ માં ચેડાં ન કરવા ની માંગ સાથે સદાવ્રત ભોજલારામ બાપાના આશીર્વાદ ચાલે છે,

આ વિવાદ વધતા જ્ઞાન પ્રકાશ સ્વામીએ માફી માંગતો વિડિઓ સોશ્યલ મીડિયામાં જાહેર કરીને માફી માંગી હતી, વિડિઓમાં સ્વામીએ કહ્યું હતું કે,જલારામબાપા ચરણો માં સત સત વંદન,થોડા સમય પહેલા મેં એક બુકમાં પ્રશંગ વાંચ્યો હતો,એજ પ્રશંગ મેં એક મેગેજીન માં પણ વાંચ્યો હતો,મને એવું લાગ્યું કે આમાં જલારામબાપા ખૂબ સારી વાત કરવામાં આવી છે, એટલે બાપાના મહિમા વિશે વાત રજૂ કરી હતી, સાથે અયોધ્યામાં જલારામબાપા ની જગ્યા તરફ ધરવામાં આવતા થાળ અંતર્ગત વાત કરી હતી, ત્યારે કોઈપણ સમાજ કે વ્યક્તિની લાગણી દુભાણી હોય તો માફી માગું છું અને વિડિઓ પણ ડીલીટ કરી દીધો હોવાનું જણાવ્યું હતું.



પરંતુ સ્વામી જ્ઞાન પ્રકાશના વિરોધમાં વીરપુર ગ્રામપંચાયત કચેરી ખાતે યાત્રાધામ વીરપુરના ગ્રામજનો તેમજ તમામ જ્ઞાતિના આગેવાનો, વેપારીઓ,સંસ્થાઓ,સાથે એક બેઠક પણ મળી હતી જેમાં જ્ઞાનપ્રકાશ સ્વામી વીરપુર આવીને જલારામ બાપાની માફી માંગે તેવી માંગ સમગ્ર ગુજરાતભર માંથી તેમજ વીરપુરના ગ્રામજનો, લાખો ભક્તો અને રઘુવંશી સમાજે ઉગ્ર માંગ કરી હતી.

ત્યારે આજે બપોરના ૪:૩૦ વાગ્યાની આસપાસ સ્વામી જ્ઞાન પ્રકાશ જલારામ બાપાના મંદિરે આવી માફી માંગી, સ્વામીને પોલીસના ચુસ્તબંદોબસ્ત સાથે વીરપુર લવાયા હતા અને બ્લેક કલર આખી સ્કોપીયો ગાડીમા સ્વામીને મંદિરની પાછળના દરવાજા માંથી સીધા મંદિરમાં લઈ જવાયા હતા જ્યાં વીરપુર મંદિરના ગાદીપતિ રઘુબાપાના લઘુબંધુ અને જલારામ બાપાના પરિવારજન ભરતભાઈ ચાંદ્રાણીએ સાથે પૂજ્ય જલારામ બાપાની જગ્યામાં શીશ જુકાવીને માફી માંગી હતી અને વડતાલ ટેમ્પલ મંદિર બોર્ડ દ્વારા લેટરપેડમાં લેખિત પૂજ્ય જલારામ બાપાના મંદિરની માફી પણ માંગી હતી, પરંતુ જ્ઞાન પ્રકાશ સ્વામી માત્ર દસ મિનિટ જેટલો સમયજ વીરપુર જલારામ મંદિરમાં રોકાયા અને મંદિરના પાછળ દરવાજે થી જ્ઞાન પ્રકાશ સ્વામીને પોલીસના ચૂસ્ત બંધોબસ્ત વચ્ચે નંબર પ્લેટ વગરની અને આખી બ્લેક સ્કોર્પિયો કારમા વીરપુર થી નીકળી લઈ જવામાં આવ્યા જ્યારે જ્ઞાન પ્રકાશ સ્વામી જ્યારે જલારામ મંદીરની બહાર આવ્યા ત્યારે મીડિયાથી ભાગી કંઈપણ બોલ્યાં વગર જ ચાલતી પકડી હતી.

# કહેવાતા સંત જ્ઞાનપ્રકાશ માટે કાયદો અલગ શા માટે ?? ગુજરાત પોલીસ જવાબ આપો





ગુજરાતમાં વીરપુર (જલારામ)ના વિવાદ વચ્ચે સ્વામી જ્ઞાનપ્રકાશને પોતાની ભૂલનું જ્ઞાન થયું હતું જેથી તેણે માફી માંગવા માટે આજે જલારામ મંદિર વીરપુર ખાતે આવ્યા હતા. જ્યાં તેમણે જલારામદામ કેટલીક વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી જેને લીધે સમગ્ર વિવાદની શરૂઆત થઇ હતી. પરંતુ અહીં એક મોટો પ્રશ્ન એ છે કે તેઓ જે ગાડીમાં આવ્યા હતા, તે સંપૂર્ણપણે ટ્રાફિક નિયમો વિરુદ્ધ હતી. ગાડીના કાચ ગેરકાયદેસર કાળા હતા અને નંબર પ્લેટ પણ નહોતી, જે સીધો-સીધો કાયદાનો ભંગ છે.ગુજરાત સહિત સમગ્ર દેશમાં ટ્રાફિક નિયમોને ખૂબ કડક બનાવવામાં આવ્યા છે. આરટીઓ અને પોલીસ સતત ટ્રાફિક નિયમોના કડક અમલ માટે કામ કરી રહી છે. જો સામાન્ય નાગરિકના વાહનમાં ગેરકાયદેસર કાળા કાચ હોય અથવા નંબર પ્લેટ ન હોય, તો તરત જ દંડ થાય છે. પરંતુ, અહીં સંતો માટે કાયદો એકદમ અલગ હોય તેવી સ્થિતિ જોવા મળી હતી! સ્વામી જ્ઞાનપ્રકાશ જે વાહનથી આવ્યા હતા, તેમાં નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. ગુજરાત સરકાર અને પોલીસ આવા કિસ્સાઓમાં શું કરી રહી છે? જો સંતો અને ધર્મગુરુઓને આ પ્રકારના નિયમભંગ માટે મુક્તિ મળે, તો શું ભારતના બંધારણમાં ઘડાયેલો કાયદો ફક્ત સામાન્ય નાગરિક માટે જ છે કે કેમ? તે અંગે સવાલો ઉઠવા પામી રહ્યા છે.

### રાજકોટ એરપોર્ટની સુરક્ષામાં C.I.S.F. ના ૨૫ વર્ષ પૂર્ણ

# રજત જયંતિના કરતબ. ક્યુ.આર.ડેમો તથા ડોગ શો યોજાયા






રાજકોટઃ રાજકોટમાં સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં હીરાસર એરપોર્ટ ખાતે રજત જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. સફળતાપૂર્વકના ૨૫ વર્ષની ઉજવણી પ્રસંગે કાર્યક્રમના સ્થળે ક્વિક રીસ્પોન્સ ટીમ (ક્યુ.આર.) અને ડોગ શોનું આયોજન થયું હતું. જેમાં સી.આઈ.એસ.એફ.ના જવાનોએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેમાં દેશદાઝ જગાડી દેશની સુરક્ષામાં સી.આઈ.એસ.એફ.નું મહત્વ સમજાવ્યું હતું.

આ કાર્યક્રમમાં ક્વિક રીસ્પોન્સ ટીમના ૧૫ કમાન્ડો દ્વારા તમિલનાડુના સેલવમ આર્ટના અલગ અલગ કરતબ કરવામાં આવ્યા હતા. આપત્તિના સમયે દેશની અને જવાનોની માટે કટિબદ્ધ જવાનો મિશન સફળતાપૂર્વક પાર પાડે તેનું નિદર્શન કરાયું હતું. જેમાં એક કમાન્ડોને ઘેરી વળેલા અન્ય આઠ કમાન્ડોનો સામને। કરી ચક્રવ્યૂહમાંથી બહાર આવી પોતાનો આબાદ બચાવ કર્યો હતો. ત્યારબાદ લાકડીથી સજ્જ કમાન્ડોએ સીનીયર અધિકારીશ્રીઓને અભિવાદન પાઠવ્યા હતા. ઉપરાંત, કમાન્ડોએ સ્વ બચાવ માટેના વિવિધ આર્ટ દ્વારા તેમનું કૌવત બતાવ્યું હતું.

આ પ્રસંગે ડોગ શોનું પણ આયોજન કરાયું હતું. જેમાં બે અલગ અલગ બ્રીડના ડોગ દ્વારા સીનીયર અધિકારીશ્રીઓને નમસ્તે કરી બુકે અર્પણ કરી સેલ્યુટ સહિતની તાલીમી પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. કુતરાઓમાં સુંઘવાની શક્તિ માણસની સરખામણીએ અનેક ગણી વધુ હોઈ ડિફેન્સમાં ખાસ તાલીમ પામેલા કુતરાઓની મદદ લેવામાં આવતી હોય છે. આપણે જાણીએ છીએ કે, આતંકવાદી પ્રવૃત્તિ સામે, મહત્વના કેસોનું સોલ્યુશન દરમ્યાન કુતરાઓ ગંધથી સ્ફોટક પદાર્થને શોધી કાઢે છે. ડોગ શોમાં તાલિમી કુતરાઓએ કાંટાળી તારમાંથી કૂદકો મારવો, આગની રીંગમાંથી પસાર થવા સહિતના કરતબ બતાવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે,સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીઅલ સિક્યુરીટી ફોર્સ (કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ - ....)ના જવાનો દેશના મહત્વપૂર્ણ ઔદ્યોગિક સાહસો, એરપોર્ટ, દરિયાઈ બંદરો, પરમાણુ અને અંતરિક્ષ અનુસંધાન કેન્દ્રો, સરકારી ભવનો તથા અન્ય સંવેદનશીલ સંસ્થાઓની સુરક્ષા અર્થે ૨૪*૭ ખડેપગે રહે છે.

### આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ અંતર્ગત

# મહિલા આંતરરાષ્ટ્રીય દિવસે કેન્દ્રીય યોજનાઓના લાભાર્થી બહેનોને સન્માનિત કરવામાં આવશે

**આજે ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપ, રેલનગર ખાતે સાંજે ૫.30 કલાકે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ડો.દિપીકાબેન સરડવાની ઉપસ્થિતિમાં નારી શકિતને સન્માન કરવામાં આવશે**



રાજકોટઃ રાજકોટ શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલની એક સંયુકત અખબારયાદીમાં જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જયારથી ૨૦૧૪ થી દેશના વડાપ્રધાન તરીકે કાર્યરત થયા છે ત્યારથી તેઓએ મહિલા સશકિતકરણ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. મહિલાઓને નાણાકીય સશકિતકરણ માટે કેન્દ્રએ વિવિધ યોજનાઓ જેમાં મુદ્રા યોજના, લખપતિ બહેન (પ્રધાનમંત્રી આવાસ યોજના), જન ધન યોજના, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્વનિધિ પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ, સ્વ સહાય જૂથ નાણાકીય સહાય જેવી યોજનાઓનો લાભ લીધો હોય તે લાભાર્થી બહેનો સાથે સંપર્ક કરી તેમને આમંત્રિત કરી, તેમને આંતરરાષ્ટ્રીય દિન તા. ૦૮ માર્ચના રાજકોટના રેલનગરમાં આવેલ ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપ ખાતે સાંજે ૫.૩૦

કલાકે પ્રદેશ ભાજપ મહિલા પ્રમુખ ડો.દિપીકાબેન સરડવાની ઉપસ્થિતમાં લાભાર્થી બહેનોને સન્માનિત કરવામાં આવશે.

આ કાર્યક્રમના સૌરાષ્ટ્ર ઝોનના પ્રદેશ પ્રભારી તરીકે અર્ચનાબેન ઠાકરને પ્રદેશ ભાજપ તરફથી જવાબદારી સોંપવામાં આવેલ છે. રાજકોટ શહેરની જવાબદારી આ કાર્યક્રમના ઈન્ચાર્જ તરીકે સેજલબેન ચૌધરી અને સહઈન્ચાર્જ તરીકે વાઘેલાને જવાબદારી સોંપવામાં આવેલ છે. દક્ષાબેન

આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે અને મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા અને વિરેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ પૂજાબેન પટેલ તેમજ વોૅડ નં. ૩ ના વોર્ડ-૩ ના પ્રમુખ રણધીર સોનારા અને પૂૅવ પ્રમુખ હેમુભાઈ પરમારને ખાસ જવાબદારી સોંપવામાં આવેલ છે.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે

# ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની દ્વારા ‘‘ન્યૂ ઈન્ડિયા મહિલા ઉધ્યમ વીમા‘‘ પોલિસી જાહેર




રાજકોટ :ભારત સરકાર દ્વારા મહિલાઓને ઉધ્યોગ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા તથા સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગમાં મદદ મળે તેવી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની દ્વારા ‘‘ન્યૂ ઈન્ડિયા મહિલા ઉધ્યમ વીમા‘‘ પોલિસી શરૂ કરવામાં આવી છે.

કંપની દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને સહયોગ અને સુરક્ષા પૂરી પાડવા આ એક નાનો પ્રયાસ છે. રૂપિયા પાંચ કરોડ સુધીનું કદ અથવા મૂલ્ય ધરાવતી સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ ચલાવતી મહિલા ઉદ્યોગ સાહસિકોના લાભાર્થે આ પોલિસી શરૂ કરવામાં આવી છે, જેમાં આગ અને આનુષંગિક જોખમોને આવરી લેવામાં આવશે.

આ સાથે વધુમાં વધુ રૂ. પાંચ કરોડના મૂલ્યનો નુકસાન વીમો, પ્રથમ નુકસાનનાં આધારે મહત્તમ રૂ. અઢી કરોડનાં મૂલ્ય સાથે ઘરફોડ ચોરીનો વીમો અને મહત્તમ રૂ. પાંચ કરોડના મૂલ્યનો વ્યક્તિગત અકસ્માત વીમો સામેલ હશે. આ પોલિસીમાં જરૂરિયાત મુજબ અન્ય વૈકલ્પિક કવરેજ પણ પસંદ કરી શકાય છે. વધુ વિગત માટે ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડની નજીકની શાખાનો સંપર્ક કરવા કંપનીની યાદીમાં જણાવાયું છે.


સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : **રાજેશ ઉદયકુમાર બગડાઈ**
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# આજે આકાશમાં બુધ ગ્રહ નિહાળવા અપીલ કરતું વિજ્ઞાન જાથા

## ■ બુધ ગ્રહને વિજ્ઞાન ઉપકરણથી આહલાદક જોઈ શકાશે

અમદાવાદ : આકાશમાં બનતી ખગોળીય ઘટના વિશે માહિતગાર કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાષ્ટ્રીય-રાજ્ય કચેરીએ અવારનવાર લોકોને અવગત કરવા દેશભરમાં અભિયાન આદર્યું છે. તે અંતર્ગત આજે તા. ૮ મી માર્ચે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશાએ બુધ ગ્રહ વિજ્ઞાન ઉપકરણની મદદથી આહલાદક જોઈ શકાશે. અદ્યતન દૂરબીન, ટેલીસ્કોપથી બુધ ગ્રહને જોવા લોકોને જાથાએ અપીલ કરી છે.

જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આજે શનિવાર સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશાએ બુધ ગ્રહ દૂરબીનથી આહલાદક અદ્દભુત જોવા મળશે.



રાજકોટ વિસ્તારના લોકો રાત્રિના ૮ કલાક ૧૧ મિનિટ સુધી ગ્રહનો નજારો જોઈ શકશે. બુધનો ઉદય ભૂમંડલે સવારના ૬ કલાકે પૂર્વમાં ૧૮.૨ ડિગ્રીએ અને રાજકોટમાં ગ્રહનો ઉદય સવારના ૭ કલાક ૫૩ મિનિટ, મધ્ય બપોરે ૨ કલાક ૧ મિનિટ, અસ્ત રાત્રિના ૮ કલાક ૧૧ મિનિટ રહેશે. બુધનો ચળકાટ ૦.૩ ટકા તેનો વ્યાસ ૭ કળાનો રહેશે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે સામાન્ય રીતે બુધ ગ્રહ નરી આંખે જોવું મુશ્કેલ છે. ખગોળરસિકો ગ્રહને ઓળખી શકે છે. ટેલીસ્કોપ, દૂરબીનથી ગ્રહને આસાનીથી જોઈ શકાય છે. તેની માહિતી જિલ્લા કક્ષાએ આપવામાં આવશે. બુધ ગ્રહ ૪૫ ટકાથી ઓછું ચળકાટ સાથે જોઈ શકાશે. આજે સૂર્યથી દૂર હોવાના લીધે પૃથ્વી વચ્ચેનું અંતર ઓછું હોવાના કારણે તજજ્ઞો નરી આંખે જોઈ શકશે. પશ્ચિમી ક્ષિતિજ પર ૧૫ ડિગ્રી ઉંચાઈ પર જોવા મળશે. આ સમયે બુધ ગ્રહ પૃથ્વીથી લગભગ ૮૪ મિલિયન માઈલનું અંતર હશે.

## માતાના પ્રેમીને ઘરમાં રાખવાની ના પાડતા દીકરીને ઢોર માર માર્યો

પાળ પીપળીયા ગામની સીમમાં અવધ રેસીડેન્સીમાં રહેતી ૨૧ વર્ષીય પરણિતાએ તેના માતાના પ્રેમી સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તા. ૩ના રોજ હું મારા ઘરે હતી અને મારા પતિ મજુરી કામ કરવા બહારગામ ગયા હતા. ઘરે હું એકલી હતી રાત્રિના એકાદ વાગ્યે મારા માતાનો મિત્ર સંજય મારા ઘર પાસે આવી મને કહ્યું કે, તારો ઘરવાળો ક્યાં છે જેથી મેં કહ્યું કે બહારગામ છે. તો સામે સંજયે મને કહ્યું કે, તું મને ફોનમાં કેમ અપશબ્દો કહેતી હતી. મેં કહ્યું કે, તમે મારા પતિને ફોનમાં અપશબ્દો કહેતા હતા જેથી મેં ફોન કર્યો હતો. એટલું કહેતા જ સંજય એકદમ ઉશ્કેરાઇ ગયો હતો અને અપશબ્દો કહીં મને ધકકો મારી ઝાપટ મારી હતી. ત્યારબાદ સંજયે કહ્યું કે, તારા પતિને બોલાવ આજ તો તમને બંનેને મારી નાખવા છે. મને તારા માતાએ અહીં મોકલેલ છે. તારી માતાને કંઈ કહેતી નહીં. આમ કહીં તે સંજય મારાં ઘર પાસેથી જતો રહ્યો હતો. મને હાથમાં તથા પગમાં તથા શરીરે મૂંઢ ઈજા થયેલ હતી પરંતુ મારા પતિ ઘરે હાજર ન હોય જેથી સારવાર કરાવેલ ન હતી. આ બનાવનું કારણ એવું છે કે મારી માતાએ મારા પિતાને ઘરેથી કાઢી મુકેલ છે. મકાન મારી માતાના નામે હોય અને આ સંજય વાળા સાથે મારી માતાને પ્રેમ સબંધ હોય પણ મેં સંજયને મારી માતા સાથે રાખવાની ના પાડી હતી. જેનો ખાર રાખી સંજયે માર માર્યો અને મારી માતાએ તેને મદદગારી કરી હતી.

# પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજરે રાજકોટ અને ભાવનગર ડિવિઝનના સાંસદોની બેઠકમાં વિવિધ મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા

રાજકોટ, તા. ૮: પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્રએ રાજકોટ અને ભાવનગર ડિવિઝન હેઠળ આવતા સંસદીય મતવિસ્તારના માનનીય સાંસદો સાથે રાજકોટમાં બેઠક યોજી હતી. સૌ પ્રથમ, જનરલ મેનેજર શ્રી મિશ્રએ સાંસદોનું સ્વાગત કર્યું અને તેમને રાજકોટ અને ભાવનગર ડિવિઝનમાં નવીનતમ યાત્રી સુવિધાઓ અને સિદ્ધિઓ વિશે માહિતી આપી. બેઠક દરમિયાન, માનનીય સાંસદોએ તેમના વિસ્તારોની રેલવે સમસ્યાઓ, પ્રોજેક્ટ્સ, ટ્રેન સ્ટોપેજ, નવી ટ્રેનો દોડાવવા, ટ્રેનોનું વિસ્તરણ, ટ્રેનોની ફ્રિક્વન્સી વધારવા અને માળખાગત પ્રોજેક્ટ્સ સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી અને મૂલ્યવાન સૂચનો આપ્યા. આ બેઠકમાં રાજકોટ અને





ભાવનગર વિભાગીય ક્ષેત્રાધિકારના કુલ ૫ માનનીય સાંસદોએ ભાગ લીધો હતો, જેમાં માનનીય શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, શ્રી રામભાઈ મોકરિયા, શ્રી કેસરીદેવસિંહ ઝાલા, શ્રી રાજેશભાઈ ચુડાસમા અને શ્રી ભરતભાઈ સુતરિયાનો સમાવેશ થતો હતો. માનનીય સાંસદ શ્રીમતી પૂનમબેન માડમ અને માનનીય સાંસદ શ્રી ચંદુભાઈ શિહોરાના પ્રતિનિધિઓ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં રાજકોટ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વની કુમાર, ભાવનગર ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રવિશ કુમાર અને પશ્ચિમ રેલ્વેના ઘણા વરિષ્ઠ અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડેપ્યુટી જનરલ મેનેજર (જનરલ) શ્રી ઉજ્જવલ દેવ દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન, જનરલ મેનેજર શ્રી મિશ્રએ માનનીય સાંસદોને હાલમાં ચાલી રહેલા વિવિધ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ વિશે માહિતગાર કર્યા અને કહ્યું કે પશ્ચિમ રેલ્વે હંમેશા તેના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ મુસાફરોની સુવિધાઓ પૂરી પાડવામાં અગ્રેસર રહ્યું છે. માનનીય સાંસદોએ પણ પોતાની માંગણીઓ રજૂ કરી અને આ મંડળોમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સની સકારાત્મક પ્રગતિ પ્રત્યે સંતોષ વ્યક્ત કર્યો.

# ગોંડલ માર્કેટયાર્ડમાં ગોંડલિયા મરચાંની ૮૦,૦૦૦થી વધુ ભારીની જંગી આવક



■ **હાઈવે પર બન્ને તરફ સાતથી આઠ કિમી સુધી ૨૫૦૦ વાહનોનો ખડકલો થતાં ટ્રાફિક જામ**

ગોંડલ, તા. ૮ઃ ગોંડલ યાર્ડ ખાતે મરચાંની આવક શરૂ કરાતાં જ આશરે ૮૦ હજારથી વધુ ભારીની બંપર આવક થઈ હતી. હાઈવે પર ૨૦૦૦ થી ૨૫૦૦ વાહનોનો ખડકલો થઇ ગયો હતો અને હાઈવે પર બંને બાજુ આશરે ૭ થી ૮ કિમી લાંબી વાહનોની લાઇનો જોવા મળી હતી. ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં જૂનાગઢ ગીર સોમનાથ પોરબંદર બોટાદ રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાંથી ખેડૂતો મરચા લઈને આવ્યા હતા. પુષ્કળ પ્રમાણમાં મરચાની આવક થતા યાર્ડની જગ્યા ટૂંકી પડી હતી જેથી યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયા તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા અને તેમને અન્ય જગ્યા ભાડે રાખીને ત્યાં ઉતારવાની વ્યવસ્થા કરવાની ફરજ પડી હતી. આ તકે યાર્ડના ડિરેક્ટર પ્રફુલભાઈ ટોળીયા એ જણાવ્યુ હતુ કે એક સાથે ૮૦ હજાર થી વધુ મરચાની ભારીઓની આવક થતા હાલ પુરતી આવક બંધ કરાઇ છે. ગોંડલ યાર્ડમાં આજરોજ લાલ ચટ્ટાક મરચાની હરાજીમાં ભાવ રૂપિયા ૧૦૦૦ થી ૨૫૦૦નો ભાવ ખેડૂતોને મળ્યો હતો. યાર્ડમાં ધાણા, લસણ, ડુંગળી, મગફળી સહિતની આવક ચાલુ ડિરેક્ટર ટોળીયાએ જણાવ્યું હતું કે યાર્ડમાં મરચાં ઉપરાંત ૨ લાખ ગુણી ધાણા, ડુંગળી, લસણ, કપાસ, મગફળી સહિતની જણસીની આવકો ચાલુ છે. યાર્ડની ૨૫૦ વિઘા ઉપરાંત આસપાસના ભાડે રાખેલ ગ્રાઉન્ડ ૩૦ વીઘા જમીન હોવા છતાં અમારી પાસે જણસી ઉતારવાની સગવડ નથી. હોળીના તહેવારની ત્રણ દિવસની રજા ઉપરાંત માર્ચ એન્ડિંગની પણ ૮ થી ૧૦ દિવસની રજા આવે છે અને આ જણસી વેચાતા અંદાજે ૨ મહિના જેવો સમય લાગશે.

## રાજકોટ પોલીસ કમિશનરનું જાહેરનામું

# ધુળેટી તહેવારમાં પાણી ભરેલા ફૂગ્ગાના રસ્તા પર ઘા નહિ કરી શકાય



રાજકોટ, તા. ૮ઃ આગામી તા. ૧૩ માર્ચના રોજ હોળી તથા તા. ૧૪ માર્ચના રોજ ધુળેટી પર્વની ઉજવણી થનાર છે. ત્યારે ધાર્મિક તેમજ સામાજીક પર્વની ઉજવણી શહેરના જુદા-જુદા મહોલ્લાઓ, સાર્વજનીક જગ્યાઓ, ધાર્મિક જગ્યાઓમાં થતી હોય છે. સામાન્ય સંજોગોમાં હોળી-ધુળેટીના તહેવારની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તા ઉપર મોટી સંખ્યામાં એકત્રિત થતા હોય છે. હોળી પર્વની ઉજવણી શાંતી અને કોમી એખલાશ ભર્યા વાતાવરણમાં થાય અને જાહેર સલામતી તેમજ ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા હોળી તેમજ ધુળેટીના તહેવાર દરમ્યાન કોઈ પણ પુરૂષો, સ્ત્રીઓ તથા બાળકો જાહેર રસ્તાઓ ઉપર કે જાહેર જગ્યાઓ પર આવતાં-જતાં રાહદારીઓ ઉપર કે એક બીજા ઉપર કોરા રંગ, પાણી ભરેલા ફુગ્ગાઓ, રંગ મિશ્રિત પાણી ભરેલા ફુગ્ગાઓ, કાદવ, રંગ મિશ્રિત પાણી, તૈલી પદાર્થો કે તૈલી વસ્તુઓ ફેંકવા નહી. જો કોઈ આ મુજબ કરે તો તેમની સામે ગુનો નોંધી જાહેરનામા ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

# વેરાવળ શહેર પોલીસ મથકે આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને શાંતિ સમિતિની મહત્વપૂર્ણ બેઠક મળી

વેરાવળ, તા. ૮ઃ આ બેઠકનો મુખ્ય હેતુ રમઝાન માસ અને હોળી-ધુળેટીના તહેવારોની શાંતિપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવાનો હતો. બેઠકમાં વેરાવળ સીટી પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર.ગોસ્વામીએ નેતૃત્વ સંભાળ્યું હતું. સમિતિએ તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા પર ભાર મૂક્યો હતો. બધા તહેવારો કોમી એખલાસ સાથે ઉજવાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં મુસ્લિમ સમુદાય રમઝાન માસની ઉજવણી કરી રહ્યો છે.



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

આગામી દિવસોમાં હિન્દુ સમુદાય હોળી અને ધુળેટીની ઉજવણી કરશે. આ તમામ તહેવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં ઉજવાય તે માટે સર્વ સમુદાયના આગેવાનોને અનુરોધ કરવામાં આવ્યો હતો. શુક્રવારે ધુળેટીનો તહેવાર હોય અને આ દિવસે મુસ્લિમ સમુદાય બપોરની વિશેષ નમાજ પણ અદા કરતો હોય છે ત્યારે આ સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બન્ને કોમના આગેવાનોએ ખાસ તકેદારી રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.



તસવીરઃ આનંદ સોમૈયા

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં ૨૩૮.૪૯ કરોડના કામો મંજૂર

## સર્વેશ્વર ચોકમાં વોંકળાના કામમાં ૧.૮૩ કરોડના ખર્ચને બ્રેક, ૧૬ લાઈબ્રેરીની સફાઈ માટે અલગ કામદારો નહીં મળે

રાજકોટ, તા. ૮ઃ રાજકોટ મહાનગરપાલિકામાં આજે શહેર ભાજપ તરીકે નવનિયુક્ત માધવ દવેને આવકારવાની સાથે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકનો પ્રારંભ થયો હતો. જેમાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે ૨૩૮.૪૯ કરોડના વિકાસ કામોને મંજૂરી આપી હતી. રસ્તા સહિતના નવા કામો મંજૂર કરાયા હતા તો સર્વેશ્વર ચોકમાં વોંકળાના કામમાં વધુ ૧.૮૩ કરોડનો ખર્ચ મંજૂર કરવાને બ્રેક મારી તમામ નવા ખર્ચની ડિટેઇલ વિગતો માંગવામાં આવી છે. આ ઉપરાંત લાયબ્રેરી વિભાગે સફાઇ વ્યવસ્થા માટે પોણો કરોડના ખર્ચે સ્વતંત્ર વ્યવસ્થા સાથેના સફાઇ કામદારો માંગતા ખર્ચ નામંજૂર કરાયો છે. જ્યારે નાકરાવાડીમાં એક ડોઝર વાહનના મેન્ટેનન્સ માટે પણ અલગ બજેટ વિભાગે માંગતા કોર્પો.ના રેટ કોન્ટ્રાકટમાંથી જ ખર્ચ કરવાની સૂચના આપી આ દરખાસ્ત ફગાવી છે.

આજની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં વોર્ડ નં. ૭માં ડો. યાજ્ઞિક રોડ પર સર્વેશ્વર ચોકમાં આવેલો વોંકળો ડાયવર્ટ કરી નવો બનાવવા ૪.૯૧ કરોડનો ખર્ચ ગત વર્ષે મંજૂર કરવામાં આવ્યા બાદ હવે આ વોંકળાના બાંધકામ માટે ખર્ચમાં વધારો કરવા માટેની દરખાસ્ત આવી હતી. નવો ૧.૮૩ કરોડનો ખર્ચ મંજૂર કરવા મૂકાયેલી દરખાસ્ત અભ્યાસ માટે પેન્ડીંગ રાખી દેવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને જણાવ્યું હતુ કે, મુળ બજેટ કરતા ૪૦ ટકા વધુ ખર્ચ થવાનો છે. અધિકારીઓએ દરખાસ્તમાં નવા કામનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ કામવાઇઝ ખર્ચની ડીટેઇલ માંગવામાં આવી છે. આ વોંકળો ડાયવર્ટ કરી નવું બોકસ કલવર્ટ બનાવવાના કામ માટે મૂળ ૩૮૭ કરોડના અંદાજ, ૭.૫૦ ટકા ઓન અને જીએસટી સહિત ૪.૯૧ કરોડનો ખર્ચ મંજૂર કરી એજન્સી એમ્પલ કન્સ્ટ્રકશનને આપવામાં આવ્યો છે. જેમાં હવે ડ્રેનેજ લાઇન શીફટીંગ, નવો સ્લેબ, વોલ સહિતના કામો ઉમેરવામાં આવ્યા છે. જ્યારે વોર્ડ નં. ૨માં હરીહર ચોકમાં આવેલા જુનો વોંકળો દુર કરી નવું બોકસ કલવર્ટ બનાવવા અને સદર પોલીસ સ્ટેશન પાસે તથા મહિલા પોલીસ સ્ટેશન પાસે સ્લેબ કલવર્ટ સ્ટ્રેન્ધનીંગ કરવાના કુલ ૩ કામ માટે ૨.૩૫ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત મહાપાલિકા સંચાલિત જુદી જુદી ૧૬ લાયબ્રેરી છે. કોર્પોરેશનના તમામ બિલ્ડિંગો અને વિસ્તારો માટે સફાઇ કામદારોના સેટઅપ છે અને જરૂર પડે ત્યારે એજન્સીના કામદારોનો ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ લાયબ્રેરી વિભાગે ૭૪ લાખના ખર્ચે ૨ વર્ષ માટે સફાઇ કામદારો સહિતની અલગ વ્યવસ્થા માગી હતી. આ જરૂરીયાત મંજૂર કરવામાં આવી છે, પરંતુ ખર્ચ નામંજૂર કરાયો છે અને કોર્પોરેશનના વર્તમાન સેટઅપનો જ ઉપયોગ કરીને સફાઇ વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત નાકરાવાડી ગામે આવેલ લેન્ડફીલ સાઇટ પર કચરાની હેરફેર માટે એક ક્રાઉલર ડોઝર મશીનનો ઉપયોગ કરવામાં આવે છે. ૭ વર્ષથી આ વાહન દૈનિક લગભગ ૮ કલાક કામ કરે છે. તેના ઓપરેશન અને મેન્ટેનન્સ માટે ૨ વર્ષના ૧.૧૦ કરોડનો ખર્ચ વિભાગ દ્વારા માંગવામાં આવ્યો હતો. પરંતુ આ વાહનની કિંમત જ એક કરોડ છે. ૨૦૨૧થી વિભાગ આ રીતે ખર્ચ માંગે છે, પરંતુ પેટ્રોલ-ડિઝલ માટે તો કોર્પોરેશને રેટ કોન્ટ્રાકટ નીચા ભાવે કરેલા છે. આથી અલગથી બજેટ આપવાનું બંધ કરી આ દરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. આ સાથે જ મહાનગરપાલિકાના કર્મચારીઓને મેડીકલ સહાયની દરખાસ્તો ગત મિટિંગમાં પણ મુલત્વી રાખવામાં આવી હતી. આજની મિટિંગમાં આ દરખાસ્તો બહાલ કરવામાં આવી છે. કર્મચારીઓ તેમની પાસે મેડિકલેઇમ સહિતની કોઇ સુરક્ષા નહીં હોવાના સોગંદનામા આપે એટલે આ સહાય અપાશે તેવું ચેરમેને કહ્યું હતું. આજની મિટિંગમાં ૫૭ પૈકીની ૫૪ દરખાસ્ત મુળ સ્વરૂપમાં મંજૂર કરવામાં આવી હતી. આવાસ યોજનામાંથી ભાડુઆતો પકડાય તો મોટા દંડ અને આવાસ રદ્દ કરવા સહિતની નીતિ પ્રથમ વખત મંજુર કરવામાં આવી છે. જુદા જુદા મેન્ટેનન્સ કોન્ટ્રાકટ, શહેરના આનંદ બંગલા ચોક, ભકિતનગર, પોલીસ હેડ કવાર્ટર ચોક સર્કલ ડેવલપ કરવા ખાનગી એજન્સીઓને મંજૂરી અપાઇ છે. ભૂગર્ભ ગટર ફરિયાદ નિકાલ, ડીઆઇ પાઇપલાઇન, રેસકોર્સ સ્વીમીંગ પુલના નવનિર્માણમાં ચિલ્ડ્રન શાવર રૂમ સહિતના કામો, જુદા જુદા કાર્યક્રમના ખર્ચ, ડીઆઇ પાઇપલાઇનના કામ માટે ૨.૬૧ કરોડના ખર્ચે સાધનો ખરીદવા સહિતની દરખાસ્ત મંજૂર કરાઇ હતી.

# પ્રાદેશિક કચેરી આઈ.સી.ડી.એસ. શાખા રાજકોટ દ્વારા ''પોષણ ઉત્સવ - ૨૦૨૪'' ની ઉજવણી કરાઇ

## ઝોન કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને સન્માનિત કરાયા





રાજકોટ :મહિલા અને બાળ વિકાસ વિભાગ, રાજકોટની પ્રાદેશિક કચેરી આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા ''પોષણ ઉત્સવ - ૨૦૨૪'' ની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ વિભાગીય નાયબ નિયામક, રાજકોટ ઝોનના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો હતો. ''પોષણ ઉત્સવ - ૨૦૨૪'' ની ઉજવણીનો હેતુ પોષણનું મૂલ્ય સમજાવવા, મિલેટ્સ, ટેક હોમ રાશન તેમજ સરગવામાંથી બનતી વિવિધ વાનગીઓ વિષે જાગૃતિ ફેલાવવાનો હતો. જેમાં રાજકોટ ઝોનના કુલ ૧૨ જિલ્લા તેમજ કોર્પોરેશનમાંથી જિલ્લા કક્ષાના પ્રથમ ત્રણ વિજેતા મિલેટ તેમજ ટેક હોમ રાશન() માંથી વિવિધ વાનગીનું પ્રદર્શન કર્યું હતું. ઝોન કક્ષાના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં વિવિધ નિષ્ણાતો દ્વારા મિલેટ્સ તેમજ ટેક હોમ રાશનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ કામગીરી કરતી આંગણવાડીના કાર્યકર તેમજ વાલીઓના અનુભવો બધા સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા.

# પી.એમ. ઇન્ટર્નશિપ યોજનાનો લાભ મેળવવા ૧૨ માર્ચ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન થઇ શકશે

રાજકોટઃ ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા અમલીકૃત પી.એમ. ઇન્ટર્નશિપ યોજના અંતર્ગત યુવાનોને દેશની ટોચની ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશીપ કરવા માટેની તક મળે છે. આ યોજનાના બીજા તબક્કાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી થઇ શકશે.આ યોજનામાં ધો. ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ., ડીપ્લોમાં તેમજ સ્નાતક પૈકી કોઈ પણ શૈક્ષણિક લાયકાત ધરાવતા ૨૧ થી ૨૪ વર્ષ વચ્ચેની વય ધરાવતા ઉમેદવારો તેમનું રજીસ્ટ્રેશન pminternship.mca. gov.in પોર્ટલ પર કરી શકે છે.આ યોજના અંતર્ગત ઈન્ટર્નશીપમાં જોડાનાર યુવાનોને રૂ. ૬૦૦૦ તાલીમમાં જોડાવા સમયે એક વખત તેમજ ૧૨ માસના તાલીમ સમયગાળા દરમિયાન રૂ. ૫૦૦૦ પ્રતિ માસ મળવાપાત્ર છે. આ યોજનામાં રજીસ્ટ્રેશન માટે ઉમેદવારોને કોઈ પણ માર્ગદર્શનની જરૂરીયાત હોય તો મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, રાજકોટનો રૂબરૂ સંપર્ક કરવા કચેરીની યાદીમાં જણાવાયું છે.

### વન નેશન વન રાશનકાર્ડ યોજનાનો ૧ લાખ ૮૬ હજારથી વધુ લાભાર્થીઓએ

# રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન લાભ મેળવ્યો

## પરપ્રાંતના NFSA રેશનકાર્ડ ધારકોને યોજનાનો લાભ લેવા જિલ્લા પુરવઠા તંત્રની અપીલ




રાજકોટઃ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય એકતા લાવવા તથા જન સામાન્યની સુગમતા વધારવાના શુભાશયથી ''વન નેશન વન રેશનકાર્ડ'' યોજના વર્ષ-૨૦૧૯માં અમલમાં મુકાઈ છે. જે અંતર્ગત લાભાર્થી તરીકે નોંધાયેલ કોઈ પણ રાશનકાર્ડધારક રોજગારી માટે કોઈ એક રાજયમાંથી બીજા રાજયમાં કે એક જ રાજયના કોઈ પણ જિલ્લા, તાલુકા, ગામ કે શહેરમાં વસવાટ કરતા હોય, ત્યાંની વાજબીભાવની દુકાન પરથી પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવી શકે છે. જેથી નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ () હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને પોતાનું રાશન ખૂબ સરળતાથી ઉપલબ્ધ થાય છે.


આ યોજના હેઠળ કોઈ પણ સ્થળેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજયમાં રાશનકાર્ડ સાથેનું આધાર સીડીંગ કરેલ હોવું જરૂરી છે. કોરોના કાળમાં લાખો લોકોએ આ યોજનાનો લાભ લીધેલ છે.

આ યોજનાના અમલીકરણ માટે દરેક વાજબી ભાવના દુકાનદારને વધારાનો અનાજનો જથ્થો (ઘઉં અને ચોખા) આપવામાં આવે છે. જે વાજબી ભાવની દુકાનેથી વધુ રાશનકાર્ડધારકો વન નેશન વન રાશનકાર્ડ () હેઠળ લાભ મેળવતા હોય તે વાજબી ભાવના દુકાનદાર જાતે પોતાના લોગ ઈનમાંથી ADDITIONAL PERMIT (વધારાની પરમીટ) જનરેટ કરી વધારાનો અનાજનો જથ્થો મેળવી શકે છે.

રાજકોટ જિલ્લામાં દર મહિને અન્ય રાજય, જિલ્લા, તાલુકા, ગામના લાભાર્થીઓ વન નેશન વન રાશનકાર્ડ () હેઠળ અનાજનો લાભ મેળવે છે. રાજકોટ જિલ્લામાં જાન્યુઆરી ૨૦૨૪થી ડીસેમ્બર-૨૦૨૪ સુધીમાં અન્ય રાજયના ૧૧,૭૮૭ લાભાર્થીઓ, અન્ય જિલ્લાના-૬૪,૭૫૬ લાભાર્થીઓ અને અત્રેના જિલ્લામાં જ અસર પરસ તાલુકામાં રોજીરોટી માટે આવેલ-૧,૦૯,૮૬૪ લાભાર્થીઓ મળીને કુલ-૧,૮૬,૩૦૭ લાભર્થીઓને ગત વર્ષમાં ઈન્ટીગ્રેટેડ મેનેજમેન્ટ ઓફ પબ્લિક ડિસ્ટ્રીબ્યુશન સીસ્ટમ હેઠળ પોર્ટેબીલીટી દ્વારા અનાજનું વિતરણ કરવામાં આવેલ છે. ઉપરોક્ત, રાજકોટ જિલ્લામાં વસતા સર્વે પરપ્રાંતના NFSA રેશનકાર્ડ ધારકોએ યોજનાનો લાભ લેવા જિલ્લા પુરવઠા તંત્ર રાજકોટની અપીલ છે.

# ઉના બાઈપાસ પાસે આવેલી વાડીના કુવામાં દીપડો પડતા વન વિભાગે કર્યુ રેસ્ક્યુ





ઉના પ્રાપ્ત વિગતો અનુસાર ઉના બાયપાસ ઉપર અડીને આવેલી ડો. સતિષભાઈ વશરામભાઈ પડસાળાની માલિકીની વાડીમાં જયારે ખેત મજૂરો કુવા પાસે કામ કરતા હતા. ત્યારે કુવા માંથી આવાજ આવતા મજૂરો એ તાત્કાલિક કુવામાં નજર કરતા કુવામાં દીપડો જોવા મળ્યો હતો. દીપડો જોતાજ વાડી માલિકને જાણ કરતા વાડી માલિક સતિષભાઈ પડસાળા એ વન વિભાગને જાણ કરતા વનવિભાગનો સ્ટાફ વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ જસાધાર રેન્જના આર. એફ. ઓ. ભરવાડ. ની હાજરીમાં તેના માર્ગદર્શન હેઠળ ઉના નવાબંદર રાઉન્ડનો સ્ટાફ ૬૫ ફૂટ ઊંડા કુવામાં અંદાજે ૩૦ થી ૩૫ ફૂટ પાણીમાં દીપડાને પાંજરૂ નાખી કલાકોની ભારે જેહમત બાદ સલામત રીતે પાંજરાને કુવાની બહાર કાઢી દીપડાને જસાધાર એનિમલ કેર સેન્ટર એ ખાસેડવામાં આવ્યો હતો.

# શાસ્ત્રી મેદાન ન ધણીયાતુ રૂા.૨૦ લાખથી વધુની ૩૫ ગ્રીલોની તસ્કરી કલેકટર તંત્ર સ્તબ્ધ

## તસ્કરો – આવારા તત્વો બેફામ બનતા ધોળા દિવસે ચોરી : જાગૃત નાગરિક દ્વારા વિડીયો વાયરલ : સીટી પ્રાંત અધિકારી દ્વારા તપાસના આદેશ : પશ્ચિમ મામલતદાર પાસેથી મંગાવાતો રિપોર્ટ પોલીસમાં ફરિયાદ અરજી

રાજકોટ,તા.૭

રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર હસ્તકનું શાસ્ત્રી મેદાન ન ધણીયાતુ બન્યું હોય તેમ આ મેદાનની કંપાઉન્ડ વોલ પરની રૂા.૨૦ લાખથી વધુની કિંમતની ૩૫ જેટલી ગ્રીલોની ધોળા દિવસે તસ્કરો-આવારા તત્વો ઉઠાંતરી કરી જતા કલેકટર તંત્ર સ્તબ્ધ બની ગયું છે.

શાસ્ત્રી મેદાનની કંપાઉન્ડ વોલની આ ગ્રીલની તસ્કરો-આવારા તત્વો ધોળા દિવસે ચોરી કરતા હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા કલેકટર તંત્ર ચોંકી ઉઠયું હતું. શાસ્ત્રી મેદાનની કંપાઉન્ડ વોલની આ ગ્રીલ ચોરીના મામલે સીટી પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર દ્વારા તપાસના આદેશ આપવામાં આવેલ હતા.

જેના પગલે પશ્ચિમ મામલતદાર જોશી તેમજ તેમની કચેરીના





કર્મચારીઓનો કાફલો ગઈકાલે તાબડતોબ શાસ્ત્રી મેદાન ખાતે દોડી ગયો હતો. અને આ અંગેની તમામ માહિતી મેળવી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરીયાદ અરજી આપી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજકોટ કલેકટર તંત્ર હસ્તક શાસ્ત્રી મેદાન, ડીએચ કોલેજ ગ્રાઉન્ડ સહિતના મેદાનો આવેલ છે. આ મેદાનોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ છેલ્લા લાંબા સમયથી ધમધમી રહ્યાની ફરીયાદો ઉઠી છે. અગાઉ પણ શાસ્ત્રી મેદાનના ગેટની તોડફોડ કરવામાં આવી હતી.શાસ્ત્રી મેદાન એ ભવ્ય ભૂતકાળ ધરાવી રહ્યું છે. આ મેદાનમાં ભૂતકાળમાં જન્માષ્ટમીનો લોકમેળો આયોજીત કરાતો હતો. તેમજ આ ગ્રાઉન્ડમાં અટલ બિહારી વાજપેયી, માયાવતી સહિતના દિગ્ગજ નેતાઓ સભાઓ ગજવી ચૂકયા છે. પરંતુ આ મેદાન છેલ્લા કેટલાક સમયથી ધણીધોરી વગરનું બન્યું હોય તેમ આ મેદાનમાં આવારા તત્વો પડયા પાથર્યા રહે છે તેમજ કેટલાક ખાનગી ટ્રાવેલ્સના સંચાલકો આ મેદાનમાં બસોના પાર્કિંગ કરી રહ્યા છે. આ ઉપરાંત આ મેદાનમાં અમુક બીલ્ડરો દ્વારા બાંધકામ વેસ્ટનો પણ નિકાલ કરવામાં આવેલ હોય મેદાનમાં બાંધકામ વેસ્ટના ઢગલા ખડકાયા છે. જેમાં હવે આ મેદાનની ફરતે આવેલ કંપાઉન્ડ વોલની રૂા.૨૦ લાખની કિંમતની ૩૫થી વધુ લોખંડની ગ્રીલો તસ્કરો તથા આવારા તત્વો ધોળા દિવસે ઉઠાવી જતા આ મામલે તપાસના આદેશો અપાયા છે.એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ- અરજી અપાતા પોલીસે તપાસનો દોર હાથ પર લીધો છે તેમજ આ મેદાનમાં તાબડતોબ સીકયુરીટી પણ મુકી દેવામાં આવી છે.

# ધોરાજીના માર્કેટ યાર્ડમાં માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમ યોજાયો





નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને પોરબંદર-જેતપુર ટોલવે પ્રાઈવેટ લિમિટેડ (ડુમિયાણી ટોલ પ્લાઝા)ના સંયુક્ત ઉપક્રમે ૫૪મા રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહના ભાગરૂપે ગત તા. ૦૬ માર્ચ, ૨૦૨૫ના રોજ ધોરાજીના માર્કેટ યાર્ડમાં માર્ગ સલામતી જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ ડ્રાઈવરોને સલામત ડ્રાઈવિંગ પ્રથાઓ અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાના મહત્વ વિશે શિક્ષિત કરવાનો હતો.

આ સત્ર દરમિયાન અધિકારીઓએ માર્ગ શિસ્ત, ગતિ વ્યવસ્થાપન, સીટ બેલ્ટનો ઉપયોગ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો અને નશામાં વાહન ચલાવવાના જોખમો પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે એચ.એસ.ઈ. મેનેજરશ્રી રામ કંતને માર્ગ સલામતી પહેલને પ્રોત્સાહન આપવા અને ડ્રાઈવરો ટ્રાફિક નિયમો વિશે માહિતગાર છે, તેની ખાતરી કરવા માટે કંપનીની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો હતો. વ્યવહારુ પ્રદર્શનો અને ઈન્ટરેક્ટિવ ચર્ચાઓથી આશરે ૬૦થી ૮૦ ડ્રાઈવરોને માર્ગ સલામતીના મહત્વપૂર્ણ પાસાઓ સમજવામાં મદદ મળી હતી. આ કાર્યક્રમમાં પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી કેતનભાઈ ખપેડ, ધોરાજી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી રવિભાઈ ગોધામે, ટ્રાફિક પી.એસ. આઈ.શ્રી હર્ષદભાઈ જાની, ટ્રાફિક નિષ્ણાત (નિવૃત્ત આર.ટી.ઓ.)શ્રી જયેશભાઈ શાહ, પ્રોજેક્ટ હેડશ્રી અજયસિંહ ઠાકોર અને મેનેજરશ્રી સંજયસિંહ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પારલેનાં ડેપો ઉપર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં દરોડા !

## બિસ્કિટ–ચોકલેટનાં ૧૦ અને મેટોડા –કંડોરણાની ડેરીઓમાંથી દૂધનાં ૧૪–નમુના લેવાયા




રાજકોટ,તા.૭

રાજકોટ જિલ્લા ફૂડ એન્ડ ડ્રગ વિભાગ ઉનાળો આવતા જ ફરી સક્રિય બન્યુ છે. અને ખાણી-પીણીની ચીજ વસ્તુઓનાં ચેકીંગની ખાસ ડ્રાઈવ શરૂ કરવામાં આવેલ છે. આ ડ્રાઈવ દરમ્યાન બિસ્કિટ, ચોકલેટ અને દૂધનાં સંખ્યાબંધ નમૂના લેવામાં આવ્યા છે.

દરમ્યાન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનાં સૂત્રો માંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ આજરોજ ફૂડએન્ડ ડ્રગ્સ વિભાગે અચાનક જ રાજકોટની ભાગોળે આવેલ શાપર સ્થિત પારલે કંપનીનાં ડેપો ઉપર દરોડા પાડયા હતાં.અને અત્રેથી જુદા-જુદા પ્રકારનાં બિસ્કિટ અને ચોકલેટનાં સેમ્પલો લઈ લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપેલ હતા.

આ પરીક્ષણનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.દરમ્યાન ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઉનાળુ ૠતુ અનુસંધાને રાજકોટ જિલ્લામાં દૂધની ડેરીઓ ઉપર પણ દરોડા કર્યા હતાં.અને દરોડા દરમ્યાન મેટોડા અને જામ કંડોરણા ખાતેથી જુદી-જુદી ડેરીઓમાંથી દૂધનાં -૧૪ નમૂના લેવાયા હતા.ફૂડ એન્ડ ડ્રગ વિભાગનાં જણાવ્યા મુજબ ૧૪ દૂધનાં નમૂના પૈકી ૪ અમૂલ દૂધના અને ૪ માહી દૂધ,ના સેમ્પલો લેવાયા હતા.જેને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી દેવાયા હતાં.



# આજે રાજકોટ જિલ્લા તથા તાલુકા મથકની કોર્ટોમાં મેગા લોક અદાલત ૭૦,૦૦૦ કેસ મુકાશે

## રાજકોટ બાર એસો.ના સહકારથી જુદી જુદી મીટીંગો યોજી, પક્ષકારોને સમાધાન અંગે નજીક લાવવા માટે લગભગ છેલ્લા ત્રણ મહિનાથી પ્રયત્ન થઈ રહ્યા હતા

રાજકોટ, તા.૭

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા આવતીકાલે તા.૮/૩/૨૦૨૫ના રોજ રાજકોટ જિલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક-અદાલત યોજાશે.

આ લોક અદાલતમાં દાખલ થયેલ તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલાં (પ્રીલીટીગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાં (૧) ફોજદારી સમાધાન લાયક કેસો, (૨) નેગોશીએબલ એકટની કલમ-૧૩૮ ચેક રીટર્ન અંગેના કેસો (૩) બેંક લેણાના કેસો (૪) મોટર અકસ્માત વળતરને લગતા કેસો (૫) લગ્નવિષયક કેસો (૬) મજુર અદાલતના કેસો (૭) જમીન સંપાદનને લગતા કેસો (૮) ઈલેકટ્રી સિટી તથા પાણીના બીલોને લગતા કેસો (૯) રેવન્યુ કેસીસ (૧૦) દિવાની પ્રકારના કેસો (ભાડા, સુખાધિકારના કેસો, મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા) (૧૦) અન્ય સમાધાન લાયક કેસો મુકવામાં આવનાર છે.

લોક અદાલત પહેલાં લોક અદાલતની તૈયારીના ભાગરુપે રાજકોટ બાર એસો. ના સાથ અને સહકારથી જુદી જુદી મીટીંગો યોજી, પ્રિ-સીટીંગનું આયોજન કરી પક્ષકારોને સમાધાન અંગે નજીક લાવવા માટે લગભગ છેલ્લા ત્રણ મહીનાથી પ્રયત્ન કરવામાં આવી રહેલ હતો. જેના ભાગરુપે તા. ૦૮/૦૩/૨૦૨૫ ના રોજ યોજાનાર લોક અદાલતમાં તમામ કેટેગરીના મળી કુલ ૭૦,૦૦૦થી વધુ કેસો હાથ પર લેવામાં આવનાર છે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ કે.એમ. ગોહેલએ જણાવ્યું કે, લોક- અદાલતમાં પક્ષકારો પોતાનો કેસ મુકી સમાધાનથી નિર્ણિત કરવામાં આવે તો બન્ને પક્ષકારોને લાભ કર્તા છે, સમાધાનથી કેસનો નિકાલ થાય છે તથા કોઈનો વિજય નહી, કોઈનો પરાજય નહી. પક્ષકારો વિવાદ મુકત બને છે. વૈમનસ્યથી મુકત થવાય છે. તેમજ પક્ષકારોની સમજણ તથા સમજુતીથી કેસનો નિકાલ થયેલ હોય અપીલ થતી નથી જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છુટકારો મળે છે. જેથી આગામી તા.૮/૩/૨૦૨૫ના રોજ યોજાનાર લોક- અદાલતમાં તમામ પક્ષકારોને સક્રિય ભાગ લેવા વિનંતી કરાઈ છે.ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટના ઉપક્રમે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટ દ્વારા આવતીકાલે તા.૮/૩/૨૦૨૫ના રોજ રાજકોટ જિલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક-અદાલત યોજાશે.

# સ્ક્રેપના વેપારી સાથે ૧.૫૦ કરોડની છેતરપીંડી કરનાર મુખ્ય સૂત્રધાર અને મહિલા ઝડપાઈ

રાજકોટ તા.૭

સ્ક્રેપના વપારી યુવાનને એક્સપોર્ટ ઇન્પોર્ટનું લાયસન્સ કઢાવી આપવા અને કંડલા પોર્ટમાં ઈકોનોમીક ઝોનમાં યુનિટ ભાડે અપાવી દેવાના બહાને અમદાવાદના નામે રૂા,૫૦,૬૦,૦૦૦ ની છેતરપીંડી કતાં આર્થિક ગુના નિવારણ શાખાએ એક મહિલા સહિત બે શખ્સોને પકડી લીધા છે. જેમાં સૂત્રધાર શખ્સ અગાઉ પણ આવા ફ્રોડમાં સંડોવાયો હોવાનું ખુલ્યું છે. તેના સોમવાર સુધીના રિમાન્ડ મળતા તપાસ અમદાવાદ સુધી લાંબાવી હોવાનું જાણવા મળ્યું હતું. એક આરોપી હજુ ફરાર છે, જેણે નક્લી કસ્ટમ મધિકારીનો સ્વાંગ રચ્યો હતો. બનાવ અંગે ડો. યાજ્ઞિક રોડ પર અજય એપાર્ટમેન્ટ ફલેટ નં.૨૩ માં રહેતાં ભાર્ગવ ધીરૂભાઈ જોષી (ઉ.વ.30) નામના વેપારીની ફરિયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચે મધુર અશોક અગ્રાવત (રહે. એ-૧૭, કરોલા ટાવર ઈસ્કનો મંદિર સામે બોડકદેવ), પ્રકુલ જગદીશચંદ્ર અગ્રવાલ (રહે. કદંબ કોમ્પલેક્ષ ચોથો માળ જજીસ બંગલો રોડ બોડકદેવ અરદાવાદ) અને મિતલ રીતેશ પટેલ (રહે. શ્રીજી બંગલો નારોલ જુની કોર્ટ સામે અમદાવાદ) વિરૂધ્ધ છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો

# SMCએ બે વર્ષમાં ૨૫૧ કરોડનો મુદ્દામાલ પકડયો

## ૧૧૫ નાસતા ફરતા ગુનેગારોને પણ પકડયા વિધાનસભામાં સરકારનો જવાબ



ગાંધીનગર,તા.૭

દારૂ વેચનાર ઉપર દરોડા પાડવા બાબતે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ગૃહ રાજ્ય મંત્રી વતી મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જવાબ આપતા કહ્યું હતું કે, ગુજરાત પોલીસ કોઈ પણ ગુનેગારને કે તેની સાથે સંપર્કમાં રહી મદદ કરનાર શખ્સોને છોડશે નહીં.તા.૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા ત્રણ દરોડા પાડી રૂ .૫૮.૬૬ લાખનો મુદ્દામાલ પકડવામાં આવ્યો. જે અનુસંધાને જવાબદાર અધિકારીઓ સામે નિયમોનુસાર ખાતાકીય પગલા લેવામાં આવ્યા છે.

સ્ટેટ મોનિટરીંગ સેલે કરેલી કામગીરી અંગે પૂછાયેલા પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું કે, સ્ટેટ મોનીટરીંગ સેલ એ રાજ્યના પોલીસ વડાના નિયંત્રણ હેઠળનો અને સીધા જ સુપરવિઝન હેઠળ કામ કરતો રાજ્ય સરકારનો સ્વાયત સેલ છે. દ્વારા વર્ષ ૨૦૨૩ થી અત્યાર સુધીમાં પ્રોહીબીશન ધારા હેઠળ કુલ ૯૭૮ ગુનાઓ દાખલ કરી રૂ.૧૦૪.૬૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. તેવી જ રીતે જુગાર ધારા હેઠળ કુલ ૨૩૦ ગુનાઓ દાખલ કરી રૂ.૭.૬૯ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. તો બીજી તરફ ગેસ ચોરી, ખનિજ ચોરી, ખાતર ચોરી, કેમિકલ ચોરી, સળીયા ચોરી જેવા વિવિધ ૫૦ ગુનાઓ દાખલ કરી રૂ૧૩૯.૫૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એટલું જ નહીં, ૧૧૫ નાસતા-ફરતા આરોપીઓને પણ પકડી પાડ્યા છે. સ્ટેટ મોનીટરીંગ સેલને પોલીસ સ્ટેશન આપવા પાછળના કારણો અંગે પૂછાયેલા પૂરક પ્રશ્નો જવાબ આપતા મંત્રીએ કહ્યું કે, અમુક ગુનાઓ એવા હોય છે કે જેનો વ્યાપ એક કરતા વધારે જીલ્લાનો કે સમગ્ર રાજ્યનો હોય છે. આવા ગુનાની તપાસ માટે રાજ્ય સ્તરના પોલીસ સ્ટેશનની જરૂરીયાત પડે છે. ઉપરાંત નાર્કોટીક્સ સહિતના કેટલાક કેસોમાં ગુપ્તતા રહે તે પણ જરૂરી છે. તેથી મુખ્યમંત્રીશ્રીની સૂચનાથી તા.૩૧/૦૧/૨૦૨૫ના રોજ સમગ્ર રાજ્યના કાર્યક્ષેત્રને આવરી લેતા સ્ટેટ મોનીટરીંગ સેલ પોલીસ સ્ટેશનને કાર્યરત કરવામાં આવ્યું છે. જે દિવસે આ પોલીસ સ્ટેશન કાર્યરત થયુ તે જ દિવસે ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લાઓમાં સંગઠીત ગુના આચરતી ટોળકીના કુલ-૧૦ ગેંગના સભ્યો વિરૂધ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કરી, દાખલો બેસાડતી કાર્યવાહી કરવામાં આવી છે. તે ઉપરાંત તાજેતરમાં જ બે નાઈજીરીયન નાગરીકને પ્રતિબંધિત ડ્રગ્સ (કોકેઈન) ૧૪૯.૫૧૦ ગ્રામ, કિં.રૂા,૪૯,૫૧,૦૦૦/- સાથે પકડી પાડી, () એક્ટ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### સેવાભાવી ભામાશા ગૌ–સેવક વિજયભાઈ વાંકની અનોખી સેવા

# વિશ્વ મહિલા દિવસે જન્મ લેનાર દિકરીઓને સોનાની ચુંક, તેમજ ગીર ગાયનું ઘી આપી દિકરીઓના જન્મને વધાવશે

મવડી વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ ગુજરાત પ્રમુખ તેમજ ભાજપ અગ્રણી તથા શહેરના સેવાભાવી ગૌ-સેવક શ્રી વિજયભાઈ વાંક દ્વારા ૮ માર્ચ વિશ્વ મહિલા દિવસ નિમિતે હર



હંમેશાની જેમ આ વર્ષે પણ જે બહેનોને દિકરીઓને જન્મ થયો હોય તેવી લક્ષ્મી સ્વરૂપ માતાજીને સોનાની ચુંક,પુષ્પ રૂપી ગુલાબ, તેમજ પોતાની જ શ્રી ક્રિષ્ના ગીર ગૌ-ધામનું શુધ્ધ દેશી ઘી ભેટ સ્વરૂપે ભેટ આપી દિકરીઓના અવતરણ દિવસને ખરા અર્થમાં વધાવશે. આ સેવાકાર્ય તા. ૮-માર્ચ-૨૦૨૫ ના આખા દિવસ દરમ્યાન રાજકોટની સરકારી હોસ્પિટલ, પદમકુંવરબા હોસ્પિટલ, ઝનાના હોસ્પિટલ તથા શહેરની પ્રાઈવેટ હોસ્પિટલમાં દેવામાં આવશે. શ્રી વિજયભાઈ વાંક દ્વારા હર-હંમેશને માટે દિકરીઓને પ્રોત્સાહન માટે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. શ્રી વિજયભાઈ વાંક મોબાઈલ નંબર ૯૮૨૪૪ ૬૫૩૭૬ તથા ૯૮૨૪૫ ૮૦૯૮૦ સંપર્ક કરવો.

### પૂ.જલારામ બાપા વિષે બફાટ કરનાર જ્ઞાનપ્રકાશ સ્વામીનો વધુ એક વિવાદ

# મહાભારતનું યુદ્ધ થયુ જ નથી! તે એક દંતકથા છે

## સોશ્યલ મિડીયા ઉપર સ્વામીનો વધુ એક વિવાદીત વિડીયો વાઈરલ સનાતનીઓમાં રોષ



અમદાવાદ,તા.૭

હાલમાં જ પૂ.જલારામ બાપા વિષે બફાટ કરી વિવાદીત બનેલ જ્ઞાનપ્રકાશ સ્વામી સુધરવાનું નામ લેતા નથી અને ફરીએકવાર મહાભારત વિષે મનઘડત બફાટ કરી વિવાદ ઉભો કર્યો છે.

વીરપુરના જલારામ બાપા વિષે મનઘડત વાતો ઊભી કરીને જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલા ઉચ્ચારણો સામે સમસ્ત હિન્દુ સમાજમાં ભારે રોષની લાગણી છે અને સ્વામીએ આ ઉચ્ચારણો બદલ માફી માંગી છે.

આ દરમિયાન જ્ઞાનપ્રકાશ સ્વામીનો વધુ એક વિવાદિત વીડિયો સોશિયલ માડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે મહાભારતને અંગે કહી રહ્યા છે કે, મહાભારતનું યુદ્ધ થયું નથી. મહાભારતને તેઓ એક કાલ્પનિક કથા કે દંતકથા ગણાવી છે.

આ વીડિયોમાં તે મહાભારતને લઈને ટિપ્પણી કરતા કહે કે, મહાભારત જેવું કોઈ યુદ્ધ થયું હોય એવું મારા માનવામાં આવતું નથ, હું નથી માનતો કે મહાભારત જેવું યુદ્ધ થયું હોય!

હા એ કથા દંતકથા કે પ્રસંગ કથા હોઈ શકે, કે કોઈ લેખકે લખેલી હોય. આ વાઈરલ વીડિયોને લઈને સનાતનીઓમાં ભારે રોષ ફેલાયો છે. વ્યાસપીઠ પરથી સ્વામી આવી અજ્ઞાનની વાતો કરી રહ્યાં છે, જેના કારણે અસંખ્યા હિન્દુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ઈડર – ખેડબ્રહ્મા હાઈવે પર અકસ્માત સર્જાયો

# ૪૦ - ૪૦ જેટલા શ્રમિકો ભરેલી જીપ ટ્રકની પાછળ ઘુસી જતા ચારના મોત

## ૧૯ થી વધુ લોકો ઘાયલ : જીપમાં ઠાંસીને ભરેલા મુસાફરોને લઈને સ્થાનિક તંત્ર સામે સવાલો



ઈડર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર-ખેડબ્રહ્મા હાઈવે પર ગોઝારો અકસ્માત સર્જાયો હતો, જેમાં ૧૫થી વધુ લોકો ઘાયલ થયા હતા અને ૪ લોકોના મોત થયા હતા. આ અકસ્માત ટ્રકની પાછળ એક જીપ ઘૂસી જતાં સર્જાયો હતો.

પ્રાથમિક માહિતી અનુસાર, જીપમાં ૪૦થી વધુ શ્રમિકો સવાર હતા, જે ઈડર તરફથી મજૂરી કામ પૂર્ણ કરીને પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. અકસ્માતમાં ૧૫થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તાત્કાલિક વડાલી અને ઈડર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને રાહત કાર્ય શરૂ કર્યું હતું. અકસ્માતના કારણે સ્ટેટ હાઈવે પર ટ્રાફિક અવરોધિત થઈ ગયો હતો.આ દુર્ઘટનાને પગલે સ્થાનિક તંત્ર સામે પ્રશ્નો ઊઠી રહ્યા છે. લોકોનું કહેવું છે કે વધુ સાવચેતીઓ અને નિયમો લાગુ કરીને આવી દુર્ઘટનાઓ ટાળી શકાય છે. આ અકસ્માતને લઈને સ્થાનિકો અને પરિવારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### આખરે ગુજરાત સરકારે સત્ય સ્વીકાર્યુ

# ઉદ્યોગોમાં ૮૫% સ્થાનિકને રોજગારીનો કાનૂન બનાવવાનુ ગેરબંધારણીય : સરકારનો સ્વીકાર

## ફકત જાહેરનામું બહાર પાડીને ઉદ્યોગોને માગરિખા આપી શકાય વિધાનસભામાં ઉદ્યોગમંત્રીનો જવાબ



અમદાવાદ ગુજરાતમાં ઉત્પાદન સહિતના એકમો ધરાવતી કંપનીઓને ૮૫% કામદાર અને મેનેજર અથવા સુપરવાઈઝર કક્ષાએ ૬૫% સુધીની ભરતી સ્થાનિક લોકોની જ કરવા માટે કાયદો લઈ આવવાની અશક્તિ જાહેર કરતા સરકારે સ્વીકાર્યુ કે, આ પ્રકારનો કાયદો એ બંધારણીય જોગવાઈનો ભંગ ગણાશે.

તેથી સરકારે ૧૯૯૫ના જાહેરનામાના આધારે આ પ્રકારે સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય આપવા માટે કંપનીઓને જણાવી રહી છે. ધારાસભાએ વિપક્ષના આ સંબંધના અનેક પ્રશ્નના જવાબ આપતા ઉદ્યોગમંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કર્ણાટક અને હરિયાણાએ આ પ્રકારનો કાનૂન બનાવ્યો હતો.

પરંતુ તેનો અમલ કરી શકી નથી અને કાનૂન પરત લેવો પડયો. કારણ કે તે બંધારણીય જોગવાઈનો ભંગ કરે છે. પરંતુ ગુજરાતમાં રાજ્ય સરકારે ૩૧ માર્ચ ૧૯૯૫ના જે જાહેરનામુ બહાર પાડયુ છે તે મુજબ સ્થાનિક રોજગારીને પ્રાધાન્ય આપવાની જોગવાઈ કરવામાં આવી છે અને તેનો અમલ કરવા માટે ઉદ્યોગોને જણાવાયુ છે.

આ નોટીફીકેશન મુજબ મેનેજર-સુપરવાઈઝર કક્ષાના ૬૦% અને કામદાર સ્તરે ૮૫% સ્થાનિકોને રોજગાર આપવો જરૂરી છે અને તેમાં સ્થાનિક એટલે કે ઓછામાં ઓછા ૧૫ વર્ષથી ગુજરાતમાં રહેતા હોય તે નિશ્ચિત કરાયુ છે.

રાજ્ય સરકાર જો કે આ જાહેરનામાનો અમલ કરાવવામાં સફળ રહી નથી તેવા વિપક્ષના આક્ષેપનો જવાબ આપતા કહ્યું કે, દેશમાં રોજગારી આપવામાં ગુજરાત પ્રથમ ક્રમાંકે છે અને ઔદ્યોગીક ક્ષેત્રમાં રોજગારી દર ૮૯થી ૯૫% છે. ૮૫% સ્થાનિકોને રોજગારીએ સતત પુછાતો પ્રશ્ન છે તેમાં પ્રથમ વખત રાજય સરકારે હવે શા માટે કાનૂન બનાવાતો નથી તે સ્પષ્ટતા કરી છે.

# ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં પણ મંદી જાન્યુઆરીમાં નિકાસ ૯.૭ ટકા ઘટી

## વર્ષની શરૂઆતમાં મિડ–રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં ઘણા નવા ફોન લોન્ચ થયા હોવા છતાં એક્સપોર્ટમાં ઘટાડો ચિંતાનો વિષય



અમદાવાદ ભારતીય સ્માર્ટફોન બજાર હવે એકાએક મંદીનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરી દરમિયાન નિકાસમાં વાર્ષિક ધોરણે ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. આઈડીસી અનુસાર ૨૦૨૫ના પહેલા મહિનામાં માત્ર ૧.૧૧ કરોડ સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. મિડ-રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં નવા ફોન લોન્ચ થયા હોવા છતાં ગ્રાહક માંગ નબળી રહી છે અને તેના કારણે જ નિકાસમાં ઘટાડો થયો છે.

આઈડીસીના રિપોર્ટ અનુસાર 'આ વર્ષની શરૂઆતમાં મિડ-રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં ઘણા નવા ફોન લોન્ચ થયા હોવા છતાં નિકાસમાં ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. નબળી ગ્રાહક માંગ વચ્ચે સરપ્લસ ઉત્પાદનને કારણે સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં માર્કેટ જાન્યુઆરી ૨૦૨૪ના સ્તર સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે.૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં પણ સ્માર્ટફોન માર્કેટમાં નબળો ગ્રોથ જોવા મળ્યો હતો. શિપમેન્ટ ૩ ટકા ઘટીને ૩.૬ કરોડ યુનિટ રહ્યું હતુ. જોકે બજારના ઘટાડા છતાં એપલે વિકાસની અવિરત ગતિ ચાલુ રાખી છે. એપલના વાષક ધોરણે ૧૧.૭ ટકાના ગ્રોથ સિવાય ઓપ્પોએ પણ ૫.૯ ટકાનો વૃદ્ધિદર નોંધ્યો હતો. એપલ ૧૧.૪ ટકા બજાર હિસ્સા સાથે ટોચની પાંચ બ્રાન્ડમાં સ્થાન ધરાવે છે.

# ફેબ્રુઆરીમાં વાહનોના રિટેલ વેચાણમાં ૭ ટકાનો ઘટાડો

મુંબઈ દેશના શેરબજારમાં મંદીની અસર વાહનોના વેચાણ પર પણ જોવા મળી રહી હોવાનું વાહન ઉદ્યોગના સુત્રો જણાવી રહ્યા છે. ગયા વર્ષના ઓકટોબરથી દેશના શેરબજારોમાં સતત ઘટાડાને કારણે વાહનોની રિટેલ માગ નબળી પડી છે. રોકાણકારોની શેરબજાર મારફતની આવક ઘટી જતા બિનજરૂરી ખર્ચા અને ખરીદી પર કાપ મુકાઈ રહ્યો છે. જો કે હોળી, ધુળેટી, ગુડી પડવા જેવા તહેવારોની મોસમમાં માગ વધવા અપેક્ષા રાખવામાં આવી રહી છે.

માગમાં ઘટાડાને પરિણામે વિતેલા ફેબ્રુઆરીમાં દેશમાં ઓટો રિટેલ વેચાણમાં સાત ટકા ઘટાડો નોંધાયો છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન્સ (ફાડા)ના ડેટા પ્રમાણે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં દરેક પ્રકારના વાહનોનું મળીને એકંદર રિટેલ વેચાણ ૨૦,૪૬,૩૨૮ એકમ રહ્યું હતું જે વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં ૧૮,૯૯,૧૯૬ એકમ રહ્યું છે. આમ ૭ ટકાનો ઘટાડો નોંધાયો છે.

ગત મહિને દરેક પ્રકારના વાહનોના વેચાણમાં ઘટાડો નોંધાયો છે એમ ફાડાના પ્રમુખ સી. એસ. વિઘ્નેશ્વરે એક નિવેદનમાં જણાવ્યું હતું. ગુજરાતની વાત કરીએ તો રાજ્યમાં પણ વેચાણ ૮.૪૪ ટકા ઘટીને ૧,૨૬,૩૨૯ યુનિટ રહ્યું છે

ફેબ્રુઆરીમાં ડીલરોની મંજુરી વગર તેમના ડેપોમાં ઈન્વેન્ટરી ઊભી કરી દેવાઈ હતી એમ તેમણે ઉમેર્યું હતું. આ એક વેપાર હેતુ હોઈ શકે પરંતુ હોલસેલ રવાનગી ખરેખર માગ પ્રમાણે થવી જરૂરી છે જેથી ડીલરો પર ભાર અટકાવી શકાય અને તેમને ઈન્વેન્ટરીનું સંચાલન કરવાનું સરળ રહે.

ઊતારૂ વાહનોનું વેચાણ વાર્ષિક ધોરણે ૧૦ ટકા ઘટી ૩,૦૩,૩૯૮ એકમ રહ્યું છે. ઊતારૂ વાહનોનું ઈન્વેન્ટરી સ્તર ૫૦થી ૫૨ દિવસની રેન્જમાં રહ્યું હતું.

ટુ વ્હીલર્સનું વેચાણ ૬.૩૩ ટકા ઘટી ૧૩,૫૩,૨૮૦ એકમ રહ્યું હતું જે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં ૧૪,૪૪,૬૭૪ રહ્યું હોવાનું ફાડાના ડેટા જણાવે છે. લોનની મર્યાદિત ઉપલબ્ધતા, વાહનોની ખરીદી માટે નીચી પૂછપરછ તથા નબળા કન્ઝયૂમર માનસ વાહનોના વેચાણમાં ઘટાડા માટે કારણભૂત રહ્યા છે.ગ્રામ્ય બજાર કરતા શહેરી વિસ્તારમાં વેચાણ પર વધુ અસર જોવા મળી છે. ગ્રામ્ય બજારમાં વેચાણમાં ૫.૫૦ ટકા જ્યારે શહેરી વિસ્તારમાં ૭.૩૮ ટકા ઘટાડો નોંધાયો છે., કમર્સિઅલ વાહનોનું રિટેલ વેચાણ ૯ ટકા ઘટી ૮૨૭૬૩ એકમ રહ્યું હતું.

# સોનાનો ભાવ ૯૦ રૂપિયા વધીને ૮૫,૯૬૬ થયોઃ એક કિલો ચાંદી ૩૩૬ રૂપિયા મોંઘી થઈ




નવી દિલ્હીઃ આજે એટલે કે શુક્રવારે (૭ માર્ચ) સોનાના ભાવમાં વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન () અનુસાર, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૯૦ રૂપિયા વધીને ૮૫,૯૬૬ રૂપિયા થયો છે. ગઈકાલે એટલે કે ગુરુવારે સોનું ૮૫,૮૭૬ રૂપિયા પર હતું. ૧૯ ફેબ્રુઆરીના રોજ, સોનાનો ભાવ ૮૬,૭૩૩ ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

આજે એક કિલો ચાંદી ૩૩૬ રૂપિયા મોંઘી થઈ ગઈ છે અને ૯૬,૭૯૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. ગઈકાલે એટલે કે ગુરુવારે ચાંદીનો ભાવ ૯૬,૪૬૦ રૂપિયા પ્રતિ કિલો હતો. ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ચાંદીનો ભાવ ૯૯,૧૫૧ રૂપિયા પ્રતિ કિલોગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યો હતો.

અમદાવાદઃ ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૮,૬૬૨ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૫,૮૭૬ રૂપિયા છે.દિલ્હી ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૦,૦૫૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૭,૩૧૦ રૂપિયા છે.મુંબઈ ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૯,૯૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૭,૧૬૦ રૂપિયા છે.કોલકાતા ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૯,૯૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૭,૧૬૦ રૂપિયા છે.ચેન્નાઈ ૨૨ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૭૯,૯૦૦ રૂપિયા અને ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામનો ભાવ ૮૭,૧૬૦ રૂપિયા છે. આ વર્ષે ૧ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં, ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામના ભાવમાં ૯,૮૦૪ રૂપિયાનો વધારો થયો છે જે ૭૬,૧૬૨ રૂપિયા હતો. તે જ સમયે, ચાંદીનો ભાવ પણ ૮૬,૦૧૭ રૂપિયા પ્રતિ કિલોથી ૧૦,૭૭૯ રૂપિયા વધીને ૯૬,૭૯૬ રૂપિયા થયો છે. ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ માં, સોનું ૧૨,૮૧૦ રૂપિયા મોંઘુ થયું હતું.

# ઈક્વિટીની વૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો ૩ ટકાની નીચે

મુંબઈ ભારતીય શેરબજારોમાં તાજેતરના ધોવાણને પરિણામે ઈક્વિટીસની વૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો અંદાજે બે વર્ષમાં પહેલી જ વખત ૩ ટકાની અંદર ઊતરી સરકી ગયો છે. વર્તમાન સપ્તાહના પ્રારંભમાં દેશની માર્કેટ કેપ ૩.૭૫ ટ્રિલિયન ડોલર રહી હતી જે ૧૨૬ ટ્રિલિયન ડોલરની વૈશ્વિક માર્કેટ કેપના ૨.૯૯ ટકા જેટલી થવા જાય છે.

૨૦૨૩ના ૧૯ એપ્રિલ બાદ ભારતનો આ હિસ્સો સૌથી નીચો જોવા મળ્યો હતો. જો કે શેરબજારમાં છેલ્લા બે દિવસના સુધારાએ ભારતના હિસ્સામાં વધારો કરાવ્યો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતું.

૨૦૨૪ના ૪ ઓગસ્ટના ભારતનો હિસ્સો ૪.૪૦ ટકા સાથે ટોચે રહ્યો હતો. આમ ટોચેથી ભારતના હિસ્સામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ચીનના



શેરબજારો ફરી સક્રિય બનવા લાગતા અને ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની જંગી વેચવાલીથી માર્કેટ કેપમાં એક ટ્રિલિયન ડોલરનું ધોવાણ થયું છે.

વૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો ૨૦૧૮થી સરેરાશ ૨.૯૯ ટકા રહ્યો છે. ગયા વર્ષના સપ્ટેમ્બરથી એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેકસ ૧૮ ટકા જેટલો ઘટી ગયો છે જ્યારે એમએસસીઆઈ વર્લ્ડ ઈન્ડેકસ મોટેભાગે યથાવત છે.

# ગુજરાતીઓ હવે 5 દિવસ કાળઝાળ ગરમીથી શેકાશે




## સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતાઃ ધીરે ધીરે લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ત્રણ થી પાંચ ડિગ્રીનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી

રાજકોટ,તા.૭

ગુજરાતમાં ફક્ત ૧૫ જ દિવસમાં તાપમાનમાં નોંધપાત્ર ઉતાર-ચઢાવ આવ્યો છે. ગત સપ્તાહમાં રાજકોટ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગરમીનો પારો ઊંચો ગયો હતો. આકાશમાંથી જાણે ફેબ્રુઆરીમાં જ અગનગોળા વરસતા હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. બાદમાં ત્રણ દિવસ ફરી ઠંડીનો પણ અનુભવ થયો, હવે ગુજરાતીઓ હવે ૫ દિવસ કાળઝાળ ગરમીથી શેકાશે. ઉલ્લેખનીય છે કે, ભારતીય હવામાન વિભાગ અનુસાર આ વર્ષે ફેબ્રુઆરીમાં દેશભરમાં અત્યંત ગરમીનું વાતાવરણ રહ્યું છે એટલે કે ગુજરાતમાં પણ ગરમીનું તાપમાન વધુ નોંધાયું હતું.

માર્ચ મહિનાની શરૂઆતમાં એટલે કે જ્યારે ખરેખર ઉનાળાની શરૂઆત થતી હોય છે તે દરમિયાન વિવિધ સિસ્ટમને કારણે તાપમાનમાં પાંચથી છ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો તથા કેટલાક જિલ્લાઓમાં આ ઘટાડો ૧૩ ડિગ્રી સુધી પણ પહોંચ્યો હતો. પરંતુ હવે હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચ દિવસમાં ફરી એકવાર તાપમાનનો પારો પાંચ ડિગ્રી સુધી વધવાની શક્યતાઓ છે તેથી ગુજરાતવાસીઓને ફરી એક વખત કાળઝાળ ગરમી અનુભવાશે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી પાંચથી સાત દિવસ દરમિયાન રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે તથા ૨૪ કલાક દરમિયાન તાપમાન યથાવત્? રહ્યા બાદ ધીરે ધીરે લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રીનો વધારો થશે. એટલે કે ફરી એકવાર ગુજરાતવાસીઓને આંશિક ગરમીમાંથી રાહત મળ્યા બાદ કાળઝાળ ગરમીનો અનુભવ કરવો પડશે. આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના કેટલાક જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. રાજ્યની ધરા જે સિસ્ટમને કારણે ઠંડી પડી હતી તે સિસ્ટમ પસાર થઈ જતા ફરી એકવાર ગરમીનો અનુભવ થશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યનાં મુખ્ય શહેરોની તાપમાનની સ્થિતિ અંગે જોઈએ તો અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૨.૩ અને લઘુતમ તાપમાન ૧૪.૭ ડિગ્રી, વડોદરાનું મહત્તમ તાપમાન ૩૩.૪ અને લઘુતમ તાપમાન ૧૪.૪ ડિગ્રી, રાજકોટનું મહત્તમ તાપમાન ૩૪ અને લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રી તથા સુરતનું મહત્તમ તાપમાન ૩૪.૬ અને લઘુતમ તાપમાન ૧૭.૮ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં ૧૧.૫ ડિગ્રી નોંધાયું હતું. આ ઉપરાંત સૌથી વધુ મહત્તમ તાપમાન દમણમાં ૩૬.૪ ડિગ્રી નોંધાયું હતું. તથા હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ૨૪ કલાક દરમિયાન અમદાવાદ અને આસપાસના વિસ્તારોનું વાતાવરણ શુષ્ક રહેવાની સાથે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

### રાજકોટમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી નોંધાયું'તું

રાજ્યમાં છેલ્લા એક સપ્તાહથી આગામી એક સપ્તાહ દરમિયાન તાપમાનમાં ભારે ઉતાર-ચઢાવની સ્થિતિનું નિર્માણ થયું હતું. આગામી દિવસોમાં પાંચ ડિગ્રીનો વધારો થવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદ શહેર વિશે જો વાત કરવામાં આવે તો ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ આ સિઝનનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. આ દિવસે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૭.૭ ડિગ્રી અને વડોદરાનું મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ૨૭ ફેબ્રુઆરીના રોજ સુરતનું મહત્તમ તાપમાન ૩૮.૪ ડિગ્રી અને રાજકોટમાં અત્યાર સુધીનું સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૮.૭ ડિગ્રી નોંધાયું હતું.

# ગુજરાતના ૫૬ તાલુકામાં ભૂગર્ભજળ સ્તરના 'વળતા પાણી' !



## ભૂગર્ભ જળ લેવલ નીચા જવામાં ૨૨ તાલુકા ઓવર-એક્સ્પ્લોઈટેડ, ૧૦ તાલુકા ક્રિટીકલ અને ૨૪ તાલુકા સેમી-ક્રિટીકલ : ગુજરાતમાં જળસંચયને પ્રોત્સાહન આપવા માટે ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવા નિર્ધાર : જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયા

ગાંધીનગર,તા.૭

જળસંચય -- જનભાગીદારી અભિયાન અંગે વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા રજૂ કરાયેલા બિન સરકારી સંકલ્પને આવકારતા જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જળસંચયને પ્રોત્સાહન આપવા માટે વિકસિત ગુજરાત-૨૦૪૭ સુધીમાં રાજ્યના ૫૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક છે. આ સંદર્ભે મંત્રીએ ઉમેર્યું હતું કે, સૂક્ષ્મ સિંચાઈ થકી પાણીનો કરકસરયુક્ત ઉપયોગ થશે અને જળસંચયના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવામાં વેગ મળશે. ગુજરાતના મહત્તમ ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા સૂક્ષ્મ સિંચાઈ માટે ૭૦ ટકાથી ૯૦ ટકા સુધીની સબસીડી આપવામાં આવે છે. પરિણામે ખેડૂતો ફૂવારા અને ટપક જેવી સિંચાઈ પદ્ધતિઓ બહોળા પ્રમાણમાં અપનાવવા લાગ્યા છે.

વધુમાં જળસંપત્તિ મંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતની ભૌગૌલિક અસમાનતાને પહોંચી વળવા ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાણીના પ્રશ્નને ટોચની અગ્રતા આપીને અનેક યોજનાઓ થકી રાજ્યના ખૂણે-ખૂણે સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડ્યું છે. ગુજરાતના કૃષિ વિકાસ, ઔદ્યોગિક વિકાસ અને ડેરી ઉદ્યોગ સહિતના ક્ષેત્રોનો વિકાસ સર્વત્ર પાણીની ઉપલબ્ધી થકી શક્ય બન્યો છે. ગુજરાતની પ્રજાએ વરસાદી પાણીના સંગ્રહ અને ઉપયોગથી પજળ એ જ જીવનથના સૂત્રને સાચા અર્થમાં ચરીતાર્થ કર્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, ભૂગર્ભ જળની ઉપલબ્ધી પણ સમગ્ર રાજ્યમાં એક સમાન નથી. વર્ષ ૨૦૨૪ની ભૂગર્ભ જળ અંદાજ ગણતરી મુજબ ગુજરાતના ૨૨ તાલુકા ઓવર-એક્સ્પ્લોઈટેડ, ૧૦ તાલુકા ક્રિટીકલ અને ૨૪ તાલુકા સેમી-ક્રિટીકલ મળીને કુલ ૫૬ તાલુકામાં ભૂગર્ભ જળ લેવલ નીચા જઈ રહ્યા છે તેમજ ભૂગર્ભ જળ આવરો પણ ઘટી રહ્યો છે.

ભૂગર્ભ જળ લેવલ નીચા જવાની આ વિપરીત અસરો સામે ટકી રહેવા માટે જન ભાગીદારી થકી જળસંચય અતિ આવશ્યક છે. ભારત સરકારે આ બાબતને અગ્રતા આપીને, ભૂગર્ભ જળમાં વધારો થાય તે માટે અટલ ભૂજલ યોજના અમલમાં મૂકી હતી. આ યોજના દ્વારા ગુજરાતમાં ભૂગર્ભ જળના સ્તર અને ગુણવત્તામાં સુધારો તેમજ જળ વ્યવસ્થાપન વધુ મજબૂત થઈ રહ્યું છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

પજલ સંચય -- જન ભાગીદારી અભિયાનથ દ્વારા ગુજરાત સરકારે સમગ્ર રાજ્યમાં જળ સંચય, ભૂગર્ભ જળ રીચાર્જ, જળ સંરક્ષણ માટેના અનેકવિધ કામો હાથ ધરવા માટે અભિયાન શરૂ કર્યું છે. રાજ્યના તમામ વિસ્તારોમાં જળ સંચય થકી ભાવિ પેઢીને સુરક્ષિત કરતા આ ઉમદાકાર્યમાં સૌ સભ્યો સહિયારા પ્રયત્નો કરશે, તેવો મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પાટીલે વિધાનસભા ગૃહ ખાતે બિન સરકારી સંકલ્પ રજૂ કરતા જણાવ્યું હતું કે, પીવા માટે, કૃષિ ઉત્પાદન તેમજ ઔદ્યોગિક વિકાસ માટે ભૂગર્ભજળ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત સરકારે શરૂ કરેલા જળશક્તિ અભિયાનના અનેક પ્રોત્સાહક પરિણામો મળ્યા છે. જે અંતર્ગત ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે પજળસંચય જનભાગીદારીથ કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, જળસંચય જનભાગીદારી કાર્યક્રમનો મુખ્ય હેતુ ભૂગર્ભજળના તળો ઊંચા લાવવા, જળસંચયમાં વધારો કરવો, જળવાયુ પરિવર્તનની વિપરીત અસરો સામે ટકી રહેવાનો તેમજ ભૂગર્ભજળની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ભૂગર્ભજળના રીચાર્જ માટે વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરો જેવા કે, રીચાર્જ બોરવેલ, ચેકડેમ, તળાવો, રૂફ વોટર હાર્વેસ્ટિંગના કામો તથા હયાત સ્ટ્રક્ચરોની મરામત અને નિભાવણીની કામગીરી કરવામાં આવે છે.ભૂગર્ભજળના અનિયમિત અને વધુ પડતા ખેંચાણના કારણે કેટલાક વિસ્તારોના ભૂગર્ભજળના તળોમાં ઝડપથી અને વ્યાપક ઘટાડો થયો છે. આ પરિસ્થિતિમાં લોકભાગીદારી, સીએસઆર તેમજ અન્ય યોજનાઓ સાથેના કન્વર્ઝન્સ સહ ભૂગર્ભજળની ગુણવત્તા તથા તળોને ઊંચા લાવવા માટેનો પજળસંચય જનભાગીદારીથ કાર્યક્રમ એક ચાવી રૂપ ભૂમિકા ભજવી શકે તેમ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં વરસાદ ઘણીવાર ઓછો અને અનિયમિત પડે છે. જેથી પાણીની સિમિત ઉપલબ્ધતાને ધ્યાને લઈ લોકભાગીદારી થકી ભૂગર્ભજળની પરિસ્થિતિમાં સુધારો આવે તેમજ લોકજાગૃતિ કેળવાય તે માટે વધુમાં વધુ કામો હાથ ધરીને પજળસંચય જનભાગીદારી અભિયાનથનો અસરકારક અમલમાં કરાવવા માટે ધારાસભ્યશ્રીએ સંકલ્પ રજૂ કર્યો હતો. આ સંકલ્પની ચર્ચામાં ધારાસભ્ય ભગાભાઈ બારડ, હાર્દિક પટેલ, પ્રવિણભાઈ માળીએ પોતાના વિચારો રજૂ કરીને સમર્થન આપ્યું હતું. જળસંચય અભિયાન અંગે લાવવામાં આવેલા આ બિન સરકારી સંકલ્પનો વિધાનસભા ગૃહ દ્વારા સર્વાનુમતે સ્વીકાર કરાયો હતો.

ૐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**મર્યાદા જાતે નક્કી કરવામાં આવે તો જ એ મર્યાદા કહેવાય પણ, જો બીજા નક્કી કરે તો પછી શરમ કહેવાય...**

દરેક ક્ષેત્ર અને સબંધોમાં સ્વયં મર્યાદા નિર્ધારિત કરીએ અને કર્મો પ્રત્યે સજાગ રહીએ.

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID

Since 2003
RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life

SPOKEN ENGLISH

# અંગ્રેજી આટલું સરળ?

## એક વખત અચૂક મુલાકાત લો...

Learn English Language with
MONEY BACK GUARANTEE...

### અમારી વિશિષ્ટતાઓ...

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- **ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષય નું શિક્ષણ પણ મેળવો.**
- દરેક બેચમાં **મર્યાદીત સંખ્યા** અને **વ્યકિતગત માર્ગદર્શન.**
- ડેઇલી- વિકલી- મંથલી રીવીઝન સીસ્ટમ.
- **પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.**
- **૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.**
- જીરો (૦) લેવલથી શરૂ કરી અંગ્રેજી નાં વક્તા બની સર્ટીફીકેટ મેળવવા સુધીની સફર.
- આ ઉપરાંત પબ્લીક સ્પીકીંગ, ગ્રુપ ડિસ્કશન, રોલ પ્લેયીંગ, ડિબેટ્સ, ઈન્ટર્વ્યુ ટેકનિક્સ, કર્સીવ રાઈટીંગ તો ખરૂ જ..



૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી

ત્રણ દિવસ ફ્રિ સેમિનાર

ટુંક સમયમાં નવી સ્પોકન ઇંગ્લીશ બેચીઝ શરૂ...

**: હેડ ઓફીસ :** Mo.98793 29391
"શ્રી હરિ કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ, ધોળકીયા સ્કુલ સામે, બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ, શેરી નં. ૭ નો ખુણો, રાજકોટ.

**: બ્રાન્ચ ઓફીસ :** Mo.98245 81306
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ, ધોળકીયા સ્કુલ પાસે, સાગર ચોક, શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.

Follow us : Ravi English Institute

Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11



SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper











ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...